# સહજ-સત્સંગ

અંક : ૨૫૬ વર્ષ : ૨૨ તંત્રી : માનસિંહભાઈ ચાવડા એપ્રિલ - ૨૦૧૦



પરશુરામ - અવતાર



**મા મિરાંમ્બિકા**

યોગમાર્ગ પ્રદર્શિનિ, ગૂઢ-જ્ઞાન પ્રદાયિનિ ।
દિવ્ય-શક્તિ અવતારિણિ, દિવ્ય-જીવન વિકાસિનિ ॥

# પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

(૩૧-મે-૧૯૧૪)

મારું આખુંયે સ્વરૂપ એક મૂક આરાધનામાં તથા પૂર્ણ સમર્પણભાવમાં તારી સમક્ષ સાષ્ટાંગ નમસ્કારમાં ઢળી રહ્યું. એ વખતે હું આખીએ પૃથ્વીરૂપે હતી.....

પેલા ચિર અભીપ્સિત પ્રકાશની તે રાહ જોતી હતી. તારા દિવ્ય-પ્રેમરૂપે બની રહેવું એ જો એક મધુરતા છે તો એ અનંત પ્રેમ પ્રત્યે ઊંચે ચડતી અનંત અભીપ્સારૂપે બની રહેવું એ પણ એના જેટલી જ મહાન મધુરતા છે.....

રૂપાંતર કરી આપનાર તથા રૂપાંતર પામનાર બની રહેવું, દુ:ખમય અંધકાર સાથે તેમ જ સર્વશક્તિમાન પ્રકાશ સાથે એકરૂપ બની રહેવું અને આ રીતની બેવડી એકરૂપતામાં, તારા પરમ અદ્વૈતના રહસ્યને પ્રાપ્ત કરવું, એ શું તારા પરમ સંકલ્પને વ્યક્ત કરવાની, તેને સિદ્ધ કરવાની એક રીત નથી?.....

હે મારા મધુર ગુરુ, મારું તે એક સળગી રહેલું..... મંદિર છે.....

એ જ સમયે, મારા મસ્તકમાં મને તારાં દર્શન થાય છે. હું મને પરમ અકલ્પ્ય તત્ત્વ તરીકે, પરમ અજ્ઞેય, નિરાકાર તત્ત્વરૂપે પિછાનું છું; અને આ બેવડા દર્શનમાં આ બેવડા જ્ઞાનમાં પરિતૃપ્તિની મહાસમૃદ્ધિ મળી આવે છે....

* * *

## અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** (પરમ અદ્વૈતનું રહસ્ય) | ૧ | **પોંડીચેરીમાંની શ્રી અરવિન્દની સાધનાનું સ્વરૂપ** | ૩૩ |
| **દૈનિક જીવનમાં યોગસાધના : કર્મ (૬)** (કર્મ સાથે સંકળાયેલ સ્થૂલ વસ્તુઓનો ઉપયોગ) | ૪ | **રાષ્ટ્રીય શિક્ષણ** (ભારતીય-રાષ્ટ્રીય પ્રણાલી સામે પડકાર) | ૩૫ |
| **માતૃવાણી** (આત્મ બલિદાન અને સમર્પણ) | ૭ | **સુંદર કથાઓ** (વરુ - ભગત) | ૩૭ |
| **ગીતાનિબંધો** (ત્રિવિધ પુરુષો) | ૧૦ | **આગામી-ભાવિ** (નિયતિ ને જીવવાની કલા) | ૩૮ |
| **માનવવિકાસ ચક્ર** (સામાજિક વિકાસનો આદર્શ - ૪) | ૧૪ | **ઉપનિષદોનું અમૃત** (સમગ્ર બ્રહ્મતત્ત્વની સાધના) | ૩૯ |
| **સાવિત્રી** (ઉત્તમ ખેલૈયો) | ૧૬ | **વેદવિજ્ઞાન** (યમાયન સૂક્ત) | ૪૧ |
| **યોગ વિષે પત્રો** (જીવાત્માનું સ્વરૂપ) | ૨૦ | **સર્વાંગી આરોગ્ય** (રોગોનું કારણ અને નિવારણ) | ૪૪ |
| **ભારતીય સંસ્કૃતિના પાયા** (મહાકાવ્યોની મહત્તા) | ૨૩ | **શ્રી અરવિન્દ પુદુચેરીનું આગમન શતાબ્દી** (ગ્રહણશીલ બનવું) | ૪૭ |
| **યોગમાર્ગનો સમન્વય** (ત્રિવિધ જીવન) | ૨૬ | **કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર** | |
| **અરવિન્દોપનિષદ** (બધું જ સત્-ચિત્ - આનંદસ્વરૂપ છે) | ૩૦ | | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**
અંક : ૨૫૬ વર્ષ : ૨૨
એપ્રિલ - ૨૦૧૦

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**
અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા**
૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧
**મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર** - મો : **૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટને આપેલ અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ રાહતને પાત્ર છે.
કૃપયા મનીઑર્ડરથી અર્પણ મોકલશો નહિ, એકાઉન્ટ પેયી ડ્રાફ્ટ/પોસ્ટલ ઑર્ડરથી
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'** - ના નામે મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ ટ્રસ્ટ - પોંડિચેરીના કોપીરાઈટ છે.)



ટાઈપ સેટીંગ તથા પ્રિન્ટીંગ **લા ક્રિએટા** - રાજકોટ - ૦૨૮૧ - ૨૪૬૫૦૭૮

# પરમ અદ્વૈતનું રહસ્ય

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી એક મૂળભૂત સત્યનાં દર્શન કરી રહ્યાં છે. તે તત્ત્વ સીમિત અને અસીમ, સાકાર અને નિરાકાર, સગુણ અને નિર્ગુણ, સક્રિય અને નિષ્ક્રિય, સરૂપ અને નિરૂપ બધું જ છે. તે બધા જ દ્વંદ્વોથી પર છે અથવા એમ કહો તે બધાં જ દ્વંદ્વોનો સમન્વય કરવા સમર્થ છે.

માતાજી નિઃશબ્દ આરાધનામાં મગ્ન છે, સામાન્ય માણસ આંતરિક ભાવમાં હોય ત્યારે પણ અંદરની અંદર બોલતો હોય છે, જેને વિવેકાનંદ આંતર-વદની અને શાસ્ત્રો આત્મનિવેદન કહે છે, પણ તેની ઉપર એક અભીપ્સાની અવસ્થા હોય છે, જ્યારે આ આંતરવદની પણ શમી જાય છે. સાધક નિરવ નિઃશબ્દતામાં સરી પડે છે અને અભીપ્સાની જ્વાલામાં તદ્દન એકરૂપ થઈને તેનું સમગ્ર સ્વરૂપ પ્રકાશમય ચેતનામાં ઓગળી જાય છે. માતાજી આને 'મૂક આરાધના' તરીકે વર્ણવે છે અને તે વખતની એકરૂપતાને 'સાષ્ટાંગ નમસ્કારમાં ઢળવું' તરીકે વર્ણવે છે.

આ અવસ્થામાં જ પરમ પ્રકાશના અવતરણની ઘટના બનતી હોય છે. માતાજી તેથી તેવા અવતરણની રાહ જોઈ રહ્યાં છે. તે અવતરણ થતાં જ વ્યક્તિ-ચેતના વૈશ્વિક-ચેતનામાં રૂપાંતર પામે છે.વૈશ્વિક શારીરિક તત્ત્વ રૂપ થવું એટલે જ 'આખીએ પૃથ્વીરૂપ થવું.'

પ્રેમનું પરમોચ્ચ બિન્દુ એટલે એકરૂપતા અથવા તાદાત્મ્ય. તે તાદાત્મ્યને પ્રાપ્ત કરવાની ઝંખના એ અભીપ્સાની શરૂઆત બની જાય છે અને તેવી અભીપ્સા વધારે ને વધારે તદ્રૂપ થતી ઊર્ધ્વારોહણ કરતી હોય છે. શરૂઆતની અવસ્થા જેવી જ અંતિમ અવસ્થા પણ મધુરતાથી છલકાતી હોય છે.

જ્યારે માતાજી તે પરમ દિવ્ય પ્રેમસ્વરૂપ બની જાય છે, પ્રભુ સાથે એકરૂપતા સાધે છે; ત્યારે તેઓ બધાં જ દ્વંદ્વોથી પર થઈ જઈ બધાંનો જ સમન્વય સાધી શકે છે. તે અનુભૂતિ માતાજી હવે વર્ણવી રહ્યાં છે. માતાજી જણાવે છે રૂપાંતર પામનાર આ વ્યક્તિ-સ્વરૂપ અને રૂપાંતરિત કરનાર પેલું વૈશ્વિક સ્વરૂપ એકરૂપ થતું તેમને લાગે છે. અચિત્‌નો અંધકાર અને ચેતનાનો સ્વયંપ્રકાશ પણ બન્ને ઉત્ક્રાંતિ માટે જ નિર્માણ થએલાં પ્રભુનાં જ રૂપો તરીકે માતાજીને અનુભવવાથી તેમને પણ તેઓ એકરૂપ ગણે છે.

આવી રીતે સમન્વયાત્મક વિશાળતામાં માતાજીની ચેતના આરોહણ કરી રહી છે. આ સમન્વયાત્મક એકરૂપતામાં જ પ્રભુના સમગ્ર સંકલ્પનું દર્શન થાય છે. ભેદદૃષ્ટિથી સમગ્ર સંકલ્પને જાણવું અશક્ય બને છે. કદાચ તેના એક પાસાનાં જ દર્શન થઈ શકે છે.

તેથી માતાજીને હવે સમગ્રતાની અનુભૂતિ આવે છે, જેમાં અભીપ્સામાં તપતું હૃદયમાંનું વ્યક્તિસ્વરૂપ ચૈત્યપુરુષ અને મસ્તકમાં પ્રગટ થતું નિરાકાર ગૂઢ અસીમ નિર્વૈયક્તિક તત્‌ તત્ત્વ બન્ને પોતે જ છે એનો તેમને અનુભવ થાય છે.

આવા બેવડા દર્શનમાં જ સત્યપ્રાપ્તિની મહાતૃપ્તિનો અને પ્રભુના સંકલ્પની મહાસમૃદ્ધિનાં દર્શન થાય છે.

# દૈનિક જીવનમાં યોગસાધના (કર્મ - ૬)

- જ્યોતિબેન થાનકી

## કર્મ સાથે સંકળાયેલ સ્થૂલ વસ્તુઓનો ઉપયોગ

કર્મ કરતી વખતે એક યા બીજા પ્રકારની સ્થૂલ વસ્તુઓ, યંત્રો - ઓજારોથી માંડીને નાનામાં નાની પીન-ટાંકણી સુધીની અસંખ્ય વસ્તુઓનો ઉપયોગ થતો હોય છે. સામાન્ય રીતે તો આપણે યંત્રવત્ - અભાનપણે બધી જ વસ્તુઓનો ઉપયોગ કરતાં હોઈએ છીએ. પરંતુ યૌગિક દૃષ્ટિએ જ્યારે કર્મ કરવામાં આવે છે, ત્યારે આ વસ્તુઓ પ્રત્યેનું દૃષ્ટિબિંદુ પણ બદલાઈ જતું હોય છે. શ્રી માતાજીએ બાળકોને વસ્તુઓ અંગેની વાત કરતાં જણાવ્યું હતું કે, ''જો તમે વસ્તુની સંભાળ ન રાખો તો તમને કોઈ સ્થૂલ વસ્તુ વાપરવાનો અધિકાર નથી.'' દરેક વસ્તુને તેનું પોતાનું આગવું અસ્તિત્ત્વ છે. તેને તેની પોતાની ચેતના છે અને એ રીતે એનો ઉપયોગ કરવો જોઈએ. સાધનાની દૃષ્ટિએ જ્યારે આપણે કર્મ કરીએ ત્યારે ઉપયોગમાં લેવાતી વસ્તુઓની બાબતમાં ઘણું ધ્યાન રાખવું પડે છે જે આ પ્રમાણે છે.

**વસ્તુઓને માન આપવું જોઈએ :**

પ્રત્યેક વસ્તુનો આદરપૂર્વક ઉપયોગ કરવાથી વસ્તુ પ્રસન્ન રહે છે. સામાન્ય રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે વસ્તુઓ તો નિર્જીવ છે, એનો ગમે તે રીતે ઉપયોગ કરી શકાય પણ વસ્તુઓ સચેતન છે, અને તેને માન આપવું જોઈએ; એવી ભાવના તો ભાગ્યે જ જોવા મળે છે. જ્યારે શ્રી માતાજી પહેલી વખત પૅરિસથી પોંડિચેરી આવવા નીકળવાના હતાં, ત્યારે તેમણે પોતાની વસ્તુઓ પ્રત્યે કૃતાર્થતા વ્યક્ત કરીને તેમની પણ વિદાય લીધી હતી ! ૩ જી માર્ચ ૧૯૧૪ના રોજ તેમણે ડાયરીમાં લખ્યું હતું : ''મારા નીકળવાનો દિવસ પાસે ને પાસે આવતો જાય છે, તેમ તેમ હું એક પ્રકારની શાંત અવસ્થામાં પ્રવેશતી જાઉં છું. અમારી આસપાસ રહેલી આ હજારો નાની નાની ચીજો તરફ અનેક વરસો સુધી ચૂપચાપ રીતે અમારા વફાદાર મિત્રો તરીકેનો ભાગ ભજવનાર આ સર્વ વસ્તુઓ તરફ હું એક સ્નેહભર્યા ગંભીરભાવે જોઈ રહું છું; આ વસ્તુઓએ બહારના જગતમાંથી અમારાં જગતમાં કેટલીયે મધુરતા પૂરેલી છે; અને તે બદલ હું તેમનો કૃતજ્ઞભાવે આભાર માનું છું. હવે એ વસ્તુઓના ભાગ્યમાં થોડા કે લાંબા સમય માટે બીજાઓનાં હાથમાં જવાનું હોય તો હું ઇચ્છીશ કે લોકો તેમના તરફ કોમળભાવે વર્તે અને આ વસ્તુઓ, હે પ્રભુ, તમસના અંધકારમય અચેતનમાંથી તારા દિવ્યપ્રેમ દ્વારા સર્જાયેલી હોઈને તેમના પ્રત્યે જે આદરભાવ હોવો ઘટે તે પૂર્ણ આદરભાવ તેમને

આ લોકો તરફથી મળતો રહે.'' આમ શ્રી માતાજીએ પોતાના વ્યવહાર દ્વારા બતાવ્યું છે કે સ્થૂલ વસ્તુઓને પણ ચેતના છે અને તેમની સાથે સન્માનભર્યો વ્યવહાર કરવો જોઈએ .

**વસ્તુનો સાચો ઉપયોગ કરવો જોઈએ :**

વસ્તુ જે ઉપયોગ માટે સર્જાઈ તે જ ઉપયોગમાં વાપરવી જોઈએ, તો વસ્તુ પ્રસન્ન રહે છે. પરંતુ વસ્તુઓનો ઉપયોગ ન થાય અને કબાટોમાં સંગ્રહાયેલી પડી રહે તો તેના સર્જન પાછળની મહેનત નકામી જાય છે. શ્રી માતાજીએ એક સાધકને જણાવ્યું હતું : ''તમારી પાસે જો વસ્તુઓ હોય તો તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરો અને વાપરો. પણ જો તમે એને સંઘરી રાખશો તો એ વસ્તુ સડી જશે અથવા તો બગડી જશે. જો એ વસ્તુ એવા પ્રકારની હોય કે જલ્દી બગડી ન જાય તો પણ નૈતિક દૃષ્ટિએ એ વસ્તુ કોહવાઈ જ જાય છે. આથી જો વસ્તુઓ તમારી પાસે હોય તો નિરર્થક સાચવી રાખવા કરતાં તેનો યોગ્ય ઉપયોગ કરી તેને જાળવી રાખો, વ્યવસ્થિત રાખો.''

આપણા કબાટોમાં કિંમતી ગાલીચાઓ, કિંમતી વસ્ત્રો - આભૂષણો, ઉત્તમ ક્રોકરી કેટકેટલું સંગ્રહાયેલું હોય છે ! આપણે આવી વસ્તુઓ આપણી પાસે છે, એનો મનોમન આનંદ માણતાં હોઈએ છીએ. પણ કબાટમાં પૂરાયેલી આ વસ્તુઓ તો આક્રંદ કરતી હોય છે કે અમને બહાર કાઢો અને અમારો ઉપયોગ કરો. વસ્તુઓની પ્રસન્નતાનો અનુભવ કરવો હોય તો તેનો ઉત્તમ ઉપયોગ કરવો જોઈએ.

**વસ્તુઓની સંભાળ રાખવી :**

વસ્તુઓ પણ જીવંત છે એ રીતે તેની સંભાળ લેવાવી જોઈએ. તેની ઉપેક્ષા કે તેના પ્રત્યે બેદરકારી એ અચિત્ અને અજ્ઞાનની નિશાની છે. જ્ઞાન અને જાગૃત લોકોની વસ્તુઓમાં પણ પ્રસન્નતા રહેલી હોય છે. આથી જ આપણા મહાત્માઓ અને દૈવી મનુષ્યોની ચીજ વસ્તુઓ પ્રત્યે વિશેષ આદરભાવ રાખવામાં આવે છે.

ઘણાં લોકો વસ્તુઓનો ઉપયોગ કરીને પછી વસ્તુઓ જ્યાં ત્યાં મૂકી દે છે અથવા તો એમ ને એમ વસ્તુઓનો ઢગલો પડ્યો રહે છે. પછી ફરી જોઈએ ત્યારે શોધાશોધ કરી મૂકે છે. આમાં સમય, શક્તિ અને સાધન ત્રણેયનો દુર્વ્યય થાય છે. શ્રી માતાજીએ લોકોની આવી બેદરકારીનાં ત્રણ કારણો જણાવ્યાં છે, પહેલું તો આવા લોકોમાં જીવનશક્તિ જ ઓછી હોય છે. બીજું, એમના બાહ્યજીવનમાં શિસ્તનો અભાવ હોય છે. એમની પાસે કોઈ વ્યવસ્થિત જીવન પદ્ધતિ હોતી નથી. ત્રીજું, આવા લોકોને વસ્તુ પ્રત્યે પ્રેમ હોતો નથી. આવા પ્રકારના લોકોનું આખું જીવન પણ અસ્તવ્યસ્તતામાં જ પસાર થઈ જતું હોય છે.

**વસ્તુઓનો ત્યાગ નહીં, તેમ આસક્તિ પણ નથી :**

આપણે ત્યાં એવી માન્યતા પ્રચલિત છે, કે સાધના કરવી હોય તો બધી વસ્તુઓનો

પણ ત્યાગ કરી દેવાથી સાધના ઝડપી બને છે. સાધનામાં ત્યાગનું મહત્ત્વ તો છે જ, પણ બહારના ત્યાગ કરતાં અંદરનો ત્યાગ વિશેષ મહત્ત્વનો છે. બહારથી ત્યાગ કર્યો હોય પણ અંદરમાં વસ્તુઓ હોય તો સારું, એવી ઇચ્છા રહી ગઈ હોય તો એ સાચો ત્યાગ નથી. બધી જ વસ્તુઓ પ્રભુની છે, એમણે આપેલી છે, એમના કાર્ય માટે ઉપયોગ કરવાનો છે; એવી ભાવનાથી વસ્તુઓનો ઉપયોગ કરવો જોઈએ.

સ્થૂલ વસ્તુઓમાં પણ ચેતના રહેલી છે, એ હવે વૈજ્ઞાનિકોએ પણ સાબિત કરી આપ્યું છે. પ્રત્યેક પદાર્થના અણુ-પરમાણુમાં પ્રચંડ શક્તિ રહેલી છે. શ્રી અરવિંદના પૂર્ણયોગમાં તો સ્થૂલ પદાર્થોમાં લુપ્ત થયેલી ચેતનાને સક્રિય કરીને ભૌતિક પરિપૂર્ણતા પ્રસ્થાપિત કરવાની છે અને ભૌતિક વસ્તુઓના ઉપયોગ વગર એ સિદ્ધ થઈ શકે તેમ નથી. વસ્તુઓ પ્રત્યેના ઉમદા વ્યવહારથી આપણી ચેતનાનો એ ભૌતિક ચેતના સાથે સંબંધ સ્થપાય છે અને એ રીતે આપણા વિકાસમાં સ્થૂલ વસ્તુઓ પણ સહાયભૂત બને છે.

પણ ઘણી વખત આ સ્થૂલ વસ્તુઓ વિકાસમાં બાધક પણ બને છે, જ્યારે આપણે તેમાં આસક્ત થઈ જઈએ છીએ ત્યારે ! કેટલાક લોકોને પોતાની વસ્તુઓ પ્રત્યે એટલો બધો લગાવ હોય છે કે જો કોઈ એમની વસ્તુ લઈ લે તો તેઓ બેચેન બની જાય છે કે બીમાર પડી જાય છે. કેટલાક લોકોને ભૌતિક વસ્તુઓની એવી ટેવ પડી ગઈ હોય છે કે તેના વગર તેઓ વિહ્‌વળ બની જાય છે. ઘણાં લોકો વીજળી જતી રહે ત્યારે પંખા કે એ.સી.વગર બેબાકળા બની જતાં હોય છે. વસ્તુઓની આવી ગુલામી ને આસક્તિ આંતરિક પ્રગતિમાં અવરોધક છે. શ્રી માતાજી કહે છે કે, ''તમારી પાસે જે કંઈ છે, તે તમારું પોતાનું છે, એમ તમારે ન માનવું જોઈએ. સઘળી વસ્તુઓ ભગવાનની છે, તમારે અમુક વસ્તુઓનો ઉપયોગ કરવાનો છે; એવી જો ભગવાનની ઇચ્છા હોય તો તેનો ઉપયોગ કરો, પણ બીજી જ ક્ષણે હસતાં હસતાં તેનો ત્યાગ કરવા માટે તૈયાર રહો.''

આમ વસ્તુઓ પ્રત્યેનું સાચું વલણ તો એ છે કે તેમની ઉપેક્ષા નહીં, તિરસ્કાર નહીં, તેમ તેની ગુલામી કે આસક્તિ પણ નહીં. પરંતુ તેનો શ્રેઠ ઉપયોગ કરવો અને એ રીતે સ્થૂલ પદાર્થમાં વિકાસ પામી રહેલી પરમ ચેતના સાથે સંપર્ક કરવો એ છે. આ સ્થૂલ પદાર્થોમાં પણ હવે પરમાત્માની ચેતના ઝડપથી સક્રિય બની રહી છે. એટલે જ નવી નવી અનેક ભૌતિક વસ્તુઓ આવિર્ભાવ પામી રહી છે. આજથી પચાસ વર્ષ પહેલાં મોબાઈલમાં વિશ્વભરની વસ્તુઓ સંગ્રહાઈ શકે, એવું માનવા કોઈ ત્યારે તૈયાર ન હતું. ભૌતિક પદાર્થોમાં હવે સૂક્ષ્મતાની સાથે ગતિ અને શક્તિ પ્રગટ થઈ રહ્યાં છે, આ તો પદાર્થોમાં પ્રગટ થઈ રહેલી અને સક્રિય બની રહેલી પરમાત્માની શક્તિનું પરિણામ છે. હજુ પણ ભવિષ્યમાં માનવમનને આશ્ચર્ય થાય એવી અનેક ભૌતિક વસ્તુઓ આવિર્ભાવ પામશે, કેમ કે ભૌતિક જગત પણ પૂર્ણતા પ્રત્યે ગતિ કરી રહ્યું છે. તેમાં અત્યારના તબક્કે

(પૃ.૪૩ ઉપર)

# માતૃવાણી
- શ્રી માતાજી

## આત્મ બલિદાન અને સમર્પણ
### અવતરણો
(માતૃવાણી - ૩, પૃ.૧૨૬-૧૩૪) (૪-૮-૨૯)

૧ બલિદાન વિનાશનો સમાનાર્થ શબ્દ બની ગયો છે. પૃ.૧૨૬

૨ બલિદાનનો અસલ શુદ્ધ અર્થ તો પ્રભુને અર્પણ કરીને 'પવિત્ર કરવું' એવો થાય છે.

૩ જો તમે તમારા જીવનનું, શરીરનું પણ બલિદાન આપો, તો આ પાર્થિવ ભૂમિકા ઉપર તમારા વિકાસની જે શક્યતાઓ છે તેનો તમે ત્યાગ કરો છો. પૃ.૧૨૬

૪ આત્મવિર્સજનના આ ખ્યાલમાં.... બળપૂર્વક અર્પણ કરવાની..... વૃત્તિ રહેલી છે. પૃ.૧૨૬

૫ સમર્પણ એટલે અંતરમાંથી પ્રગટતું સ્વયંભૂ આત્મસમર્પણ... પૃ.૧૨૬

૬ સાચું સમર્પણ તમારી ચેતનાનો વિસ્તાર કરી આપે છે..... પૃ.૧૨૭

૭ સમર્પણની ક્રિયામાં સંદિગ્ધતા કે અસ્પષ્ટતા બિલકુલ હોતી નથી. પૃ.૧૨૭

૮ સમર્પણ એટલે વ્યક્તિત્વનો સ્વેચ્છાપૂર્વક ઈન્કાર..... એ ગંભીર ભૂલ છે. પૃ.૧૨૯

૯ યોગિક જીવનનો હેતુ દિવ્ય ચેતનામાં વિકાસ સાધવાનો છે..... નીતિ..... સર્વે માણસોને એક જ આદર્શના બીબામાં ફરજિયાત ઢાળવાનો પ્રયત્ન કરે છે. પૃ.૧૩૧

૧૦ આધ્યાત્મિકતા સર્વમાં વ્યાપી રહેલા એક તત્ત્વનું દર્શન કરાવે છે..... સાથે તે અનંત વિવિધતાનું દર્શન પણ આપે છે..... નીતિ જીવનના આ વૈવિધ્ય અને આત્માની સ્વાધિનતા એ બન્નેની વિરુદ્ધ એવું એક કૃત્રિમ ધોરણ ઊભું કરે છે.

૧૧ નીતિના ખ્યાલ પ્રમાણે સારીનો (ઈચ્છાઓનો) સ્વીકાર અને ખરાબનો ઈન્કાર કરવાને..... આજ્ઞા કરે છે. આધ્યાત્મિક જીવન તો ઈચ્છાઓનો સદંતર ઈન્કાર..... પૃ.૧૩૨

૧૨ પ્રભુના દિવ્ય આવિર્ભાવમાં બધા પદાર્થો જુદી જુદી રીતે છતાં એકસરખા મહત્ત્વના, એકસરખા ઉપયોગનાં અનિવાર્ય કરણો બની જાય છે. પૃ.૧૩૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**માતાજી, સમર્પણ અને આત્મબલિદાનમાં શો તફાવત છે ?**

બેટા, આપણા પૂર્ણયોગમાં 'આત્મ-બલિદાન'ની કલ્પના જ નથી. સેક્રીફાઈસ આ શબ્દનો મૂળ અર્થ સ્વવિલોપન કે સ્વવિનાશ નથી, પણ 'પ્રભુને અર્પણ કરી પવિત્ર થવું' એવો છે. તેમાં તમારી ઉન્નતિ થાય છે, વિનાશ કે વિલય નહીં. વિનાશ કે વિલયથી તો

પ્રભુના આવિર્ભાવની પ્રક્રિયા જ બદલાઈ જશે. વિકાસની પ્રક્રિયા જ ખોરંભે ચડશે, તેથી તમે તેમાં રહેલ આત્મસાર્થકતા અને સમૃદ્ધ વિશાળતાને નકારો છો.

પૂર્ણયોગમાં આવો નકારાત્મક અર્થ માન્ય નથી. આપણે સમર્પણમાં માનીએ છીએ. સમર્પણ એવી વસ્તુ છે જેમાં સમર્પિત થનારાની ચેતના અભીપ્સા દ્વારા ઊર્ધ્વગતિ કરે છે અને ઊર્ધ્વચેતના અવતરણ કરે છે. આ બન્ને પૂરક પ્રક્રિયાઓ છે જે યોગ-સાધનાને આગળ વધારે છે. સમર્પણ અને બલિદાન બન્ને વચ્ચે, નીચેના તફાવત છે :

૧ સમર્પણ દ્વારા તમે સમૃદ્ધ અને સુદૃઢ બનો છો. તે આનંદમય પ્રક્રિયા છે, આત્મ-બલિદાનમાં પીડા, યાતનાનો સંદર્ભ આવે છે. તેમાં ઈચ્છા ન હોવા છતાં ત્યાગનો ભાવ આવી જાય છે. ત્યાં પરાણે તે ક્રિયા બને છે. આંતરિક-સંઘર્ષ કે મથામણનો તે નિર્દેશ આપે છે. વિવેકબુદ્ધિનું ત્યાં માથાભારે પણું હોય છે.

૨ આત્મબલિદાનમાં રૂપાંતરની પ્રક્રિયાનો અભાવ હોય છે. જે છે એ સ્થિતિનો ત્યાગ એ જ તેમાં અભિપ્રેત હોય છે, પણ સમર્પણમાં રૂપાંતર દ્વારા ઊર્ધ્વ કક્ષાએ ગમન હોય છે. નિમ્નના ત્યાગ સાથે ઊર્ધ્વની પ્રાપ્તિ હોય છે.

૩ સમર્પણમાં સમજણની અપેક્ષા હોય છે. સમજણપૂર્વક જ સમર્પણ થાય છે તે જ્ઞાનમય ભૂમિકા છે. આત્મબલિદાનમાં સમજણ કરતાં પ્રાણમય આવેગને જ મહત્ત્વ અપાય છે, તે પ્રાણમય ક્રિયા છે.

૪ સમર્પણમાં ફક્ત પોતાની સંકુચિતતા, અવગુણો, નબળાઈઓ જ ગુમાવવાની હોય છે, જ્યારે આત્મબલિદાનમાં સર્વસ્વ ગુમાવવાનું હોય છે.

૫ સમર્પણમાં વિશાળતા, ઊર્ધ્વ ચેતના પ્રાપ્ત થાય છે. આત્મબલિદાનમાં વિનાશ એ જ પ્રાપ્તિ છે.

૬ સમર્પણમાં સંયોગ થાય છે, તમે ઊર્ધ્વ કક્ષા સાથે જોડાઈ જાવ છો. આત્મબલિદાનમાં પોતાના અસ્તિત્વ સાથે જ છેડો ફાટી જાય છે. ત્યાં વિયોગ જ હોય છે.

સમર્પણ એટલે સ્વત્વનો ઈન્કાર નથી પણ સાચા સ્વની પુષ્ટિ છે. તેમાં નિમ્ન પ્રકૃતિની અસરોમાંથી મુક્ત થવાય છે. તેમાં શક્તિ અને ક્ષમતાનો વધારો થાય છે. તે વિશુદ્ધકારી છે, પુનિત કરનારી, પાવન કરનારી પ્રક્રિયા છે.

સમર્પણમાં જે નિમ્ન પ્રકૃતિના કાર્યનો ત્યાગ છે તેમાં એક ઊંડી ગૂઢશાસ્ત્રની સમજણ હોય છે. ઇચ્છા, ઈર્ષા, દ્વેષ, તિરસ્કાર, ક્રૂરતા, શંકા, કુશંકા, પતન વગેરે વૈશ્વિક પ્રકૃતિના નિમ્ન પ્રવાહો છે. તે સતત એક વ્યક્તિમાંથી બીજી વ્યક્તિમાં અથવા

વિશ્વ-પ્રકૃતિમાંથી વ્યક્તિ-પ્રકૃતિમાં વહેતાં જ હોય છે. તેમનો ખરેખર આપણી પ્રકૃતિ સાથે કોઈ સંબંધ નથી પણ તેઓ નિમ્ન પ્રકૃતિના ઉછાળા કે લહેરો માત્ર હોય છે.

સમુદ્રની લહેરો કિનારાના પથ્થર ઉપર પછડાય અને તેને ભીનો કરે છે, પણ તે પથ્થર અને સમુદ્રનાં પાણીને કોઈ સંબંધ હોતો નથી; તેવી આ વિકારો અને આપણી પ્રકૃતિને સંબંધ છે.

નીતિ આ નિમ્નપ્રવાહોને પોતામાં પ્રગટ થતાં રોકવાની એક સામાજિક પદ્ધતિમાત્ર છે. નીતિ અને અધ્યાત્મ એક જ વસ્તુ નથી. અધ્યાત્મ આપણી દ્વારા પ્રભુને પ્રગટ કરવાની ક્ષમતા આપે છે. નીતિ ફક્ત સમાજ ટકાવવાની ક્ષમતા આપે છે. નીતિ માનવે નિર્માણ કરી છે, જ્યારે આધ્યાત્મિકતા એ તો દિવ્ય ચેતનાનું સર્જન છે. ઘણી વખત આધ્યાત્મિક વ્યક્તિ રૂઢિગત નીતિમાં માનતી નથી. નીતિ પોતાને ચિરંતન, સનાતન નિયમો તરીકે સ્થાપવા આગ્રહ રાખે છે, પણ તે સનાતન નિયમો નથી હોતા. સારા-નરસાનો ખ્યાલ પેઢી દરપેઢી બદલાતો જણાય છે, પણ આધ્યાત્મિકતામાં પ્રભુનાં આવિર્ભાવને પોષક તે યોગ્ય ગણે છે. અવરોધકને અયોગ્ય ગણે છે. નીતિમાં ઇચ્છાઓ સારી અને નરસી એવા બે પ્રકારની જણાવી સારીનો સ્વીકાર અને નરસીનો ત્યાગ કરવા કહે છે; જ્યારે આધ્યાત્મિકતામાં તો બધી જ ઇચ્છાઓના ત્યાગને મહત્ત્વ અપાયું છે. નૈતિક વસ્તુ આધ્યાત્મિક ન પણ ગણાય. ઉદારતા, નિસ્વાર્થીવૃત્તિ નૈતિક ગણાય છે, પણ તેની દ્વારા પ્રસંશાની અપેક્ષા રખાય તો તે બિન-આધ્યાત્મિક બની જાય છે. સંગ્રહવૃત્તિ અને પ્રદાનવૃત્તિ બન્ને અધ્યાત્મમાં જરૂરી છે. જ્યારે નીતિમાં પ્રથમને હીન અને બીજીને પ્રસંશનીય ગણાવેલ છે.

નૈતિક રીતે હીન વસ્તુઓ એ પણ છે તો પ્રભુની જ શક્તિ પણ તે વિકૃત થએલી હોય છે. તે વિકૃતિ અજ્ઞાનને કારણે આવેલી છે. અજ્ઞાન પ્રભુની શક્તિને સંકુચિત કરે છે, તેથી જ તે વિકૃત બની જાય છે. સાચું જ્ઞાન પ્રાપ્ત થતાં જ અર્થાત્ તેને પ્રભુની મૂળ દિવ્ય-શક્તિ તરીકે ઓળખતાં જ તે સંકુચિતતા નષ્ટ થાય છે, તેથી વિકૃતિ પણ જતી રહે છે.

પ્રત્યેક પદાર્થનું અસ્તિત્વ કોઈ દિવ્ય-હેતુ સારે છે, એ મૂળભૂત આધ્યાત્મિક સત્ય છે. તે હેતુ ઓળખવો એ જ આધ્યાત્મિકતા છે.

# ગીતાનિબંધો

- શ્રી અરવિંદ

## ત્રિવિધ પુરુષો

**અવતરણો -** (પ્રકરણ - ૧૪) (પૃ.૫૨૦-૫૩૫)

૧ (ગીતા) પહેલેથી આખર સુધી એક કેન્દ્રસ્થ વિચાર પ્રત્યે આપણને સઘળી બાજુએથી દોરી જાય છે..... આ કેન્દ્રસ્થ વિચાર ત્રિપુટ ચેતાનાનો એનો ખ્યાલ છે, ત્રણ દળવાળી, છતાં એક એવી એ ત્રિપુટ ચેતના અસ્તિત્વના સમગ્ર સપ્તકમાં હાજર રહેલ છે. પૃ.૫૨૦

૨ પ્રકૃતિનાં કોટ્યાવધિ ક્ષર સ્વરૂપોમાં નિવાસ કરનાર અને તેનો સંગ કરનાર ચેતના પણ તેની છે. પૃ.૫૨૦

૩ પ્રકૃતિની પોતાની ખરી શક્તિ તે જેવી દેખાય છે તેનાં કરતાં જુદી જ છે, કારણ કે એનું પોતાનું સ્વરૂપ ગુપ્ત રહે છે..... એ ક્ષરપુરુષ, અક્ષરપુરુષ અને પરમપુરુષ સાથે એક છે. પૃ.૫૨૧

૪ પોતાની જ આ સર્વસર્જક યોગમાયાથી પ્રભુ ઢંકાયેલો છે. પૃ.૫૨૧

૫ પણ ક્ષરથી બીજો એક પુરુષ છે..... તે એક છે, સ્થાણુ છે, અવિભક્ત આત્મ સત્તા છે. પૃ.૫૨૧

૬ આ બે પુરુષો... ક્ષર અને અક્ષર..... એવાં તો વિરોધી તત્ત્વોના બનેલા છે કે એમનો વિરોધ કોઈ રીતે મટી શકે તેમ નથી. પૃ.૫૨૩

૭ ગીતા એ વિધાન ભારપૂર્વક કરે છે કે.... ક્ષર અને અક્ષર..... એક શાશ્વત અને વૈશ્વિક અસ્તિત્વની દ્વિપુટ..... બેવડી અવસ્થા છે. પૃ.૫૨૪

૮ પહેલી દૃષ્ટિએ..... સંતોષ આપે એવો નિર્ણય તો એ લાગે છે કે પ્રકૃતિમાં આત્માની જે ગતિ છે તે માયા છે. પૃ.૫૨૫

૯ ગીતા 'માયા'નો ઉલ્લેખ કરે છે, પણ એ તો મોહ ઉત્પન્ન કરનારી, સંપૂર્ણ સત્યને ગ્રહણ કરવાને અસમર્થ એવી આંશિક ચેતના માટે..... પૃ.૫૨૫

૧૦ એ અદ્વૈતના પાયામાં કયું તત્ત્વ રહેલું છે ? એ જ્ઞાન તે 'સમગ્ર'ને જાણનારાઓનું - કૃત્સ્નવિદઃ (૩.૨૯)નું પૃ.૫૨૬

૧૧ પુરુષોત્તમ સર્વ પ્રાણીઓનો શાસક છે તથા યજ્ઞ અને તપનો ભોકતા છે. પૃ.૫૨૬

૧૨ પ્રભુની સમગ્રતાવાળી વાસ્તવિકતાને - 'સમગ્રં મામ્'ને તે પુનઃ પ્રાપ્ત કરે છે. પૃ.૫૩૪

૧૩ આ સૌથી વધારે પરમ રહસ્યવાળું ગુહ્ય શાસ્ત્ર છે. પૃ.૫૩૫

## **સમજૂતી** - માનસિંહ ચાવડા

ગીતાની શરૂઆત અર્જુનના વિષાદથી થાય છે. તે વિષાદને દૂર કરવાની વ્યવહારુ સમજણથી શરૂઆત કરી ગીતા જીવનનાં કેન્દ્રીય સત્ય તરફ આપણને વિવિધ દૃષ્ટિકોણથી સમજાવી લઈ જાય છે.

ગીતાનું કેન્દ્રીય સત્ય છે ત્રિ-પુરુષનો સિદ્ધાંત. તેમાં પણ પુરુષોત્તમ - ચેતનાને જીવનદ્વારા પ્રગટ કરવાનો યોગ. તે જ પરમ - ગુહ્યજ્ઞાન છે. તે પુરુષોત્તમ ચેતનાનો સાક્ષીભૂત, નિષ્ક્રિય પાસું જ અક્ષરપુરુષ છે અને સક્રિય પાસું ક્ષરપુરુષ છે. ક્ષરપુરુષો અનેક છે, પણ તેમની પાર્શ્વભૂમિમાં રહેલ અક્ષર-ચેતના એક વૈશ્વિક-ચેતના છે અને તેની પણ પાછળ રહેલ પુરુષોત્તમ - ચેતના વિશ્વાતીત ચેતના છે. પુરુષોત્તમ-ચેતના એક આધ્યાત્મિક સત્તા છે. બાકી બધા તેના વિવિધકક્ષાનાં આવિર્ભાવો માત્ર છે. તે બધાં વિવિધકક્ષાનાં અનંત આવિર્ભાવો લાગે છે, કારણ પ્રકૃતિનાં બાહ્ય પાસામાં તેવી વિવિધતા છે. આંતરિક પાસું તો પુરુષોત્તમ ચેતનાને જ પ્રગટ કરે છે અને ત્યાં અભેદ એકતા છે.

જેમ જેમ અનંત ક્ષરપુરુષોની કક્ષાથી ઊંચી કક્ષાઓમાં ચેતના ઊર્ધ્વગામી બને છે, તેમ તેમ પ્રથમ એવો અનુભવ આવે છે કે બધાં ક્ષરપુરુષો એક સ્થિર સ્થાણુ, અવિકારી, નિરાકાર, ચેતના સ્વરૂપ અક્ષર-પુરુષનાં ચેતો-વિસ્તારમાં જ ગતિ કરી રહ્યાં છે, કર્મો કરી રહ્યાં છે, જીવી રહ્યાં છે. આ સ્થિતિ જેમ આકાશમાં પંખી વિચરે એવી હોય છે. નિમ્ન કક્ષાએ આ અક્ષરધામ, આ અવ્યક્ત, અનુભવાતું નથી; ઊર્ધ્વમાં અનુભવાય છે. તે અનુભવ સાથે પ્રકૃતિની ચેતના ઉપરની પકડ ઢીલી પડી જાય છે, કારણ ત્યાં ક્ષરપુરુષના ક્રિયાકલાપો તેના પોતાના ન લાગતાં પ્રકૃતિના જ અનુભવાય છે. આને કારણે શાશ્વતિમાં, સનાતનતામાં પ્રવેશ કર્યો હોય એવું લાગે છે. બુદ્ધિની સમજણ કે ક્ષરપુરુષ અને અક્ષરપુરુષ પરસ્પરવિરોધી અને ભિન્ન છે, તે ધારણા ગળી પડે છે. એક જ ચેતનાનાં તે બે સ્તરો લાગે છે. ઈશોપનિષદની ભાષામાં કહીએ તો તે ગતિમાન પણ છે અને ગતિહીન પણ છે. બન્ને વાસ્તવિકતા જ છે તેમ જ તે 'સ્વભૂતાનિ' પણ છે અને એક જ બ્રહ્મતત્ત્વ પણ છે. તે વિદ્યા અને અવિદ્યા પણ છે. તે અજન્મા (અજ) પણ છે અને જન્મે પણ છે. બન્ને ચેતનાનાં સ્તરો ભિન્ન લાગવાં છતાં ક્યાંક તે એકરૂપ થઈ જાય છે. તે સ્થાન છે પુરુષોત્તમ ચેતનાનું. આ અનુભૂતિને બૌદ્ધિક રીતે સમજાવવાના પ્રયત્નો થયાં છે અને તેમાંથી જ વિવિધ દર્શનો રચાયાં છે.

૧ દેખાતી સક્રિયતા વગેરે બધું માયા છે, ભ્રમ છે. બ્રહ્મ તો અચલ, સ્થાણુ છે. 'બ્રહ્મસત્યં જગન્મિથ્યા' આ વાક્ય આ દૃષ્ટિકોણ સ્વીકારે છે. ગીતા પણ 'માયા' શબ્દ વાપરે છે, પણ તેનો અર્થ છે અજ્ઞાનને કારણે નિર્માણ થતી ખોટી ધારણાઓ. અજ્ઞાન

નષ્ટ થતાં જ તે ધારણાઓ પણ નાશ પામે છે અને જગત તરફ જોવાની સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. જગત તો રહે જ છે, ફક્ત તેનું દર્શન અર્થાત્ તે બાબતની સમજણ બદલાય છે.

ગીતા જગતને પ્રભુનો આવિર્ભાવ ગણે છે અને તે સત્ય છે એમ જ માને છે પણ આપણને જગત પ્રભુનો આવિર્ભાવ તરીકે અનુભવાતું નથી, તે જ અજ્ઞાન છે. પ્રભુ પણ આ જગત દ્વારા પ્રગટ થવા પ્રયત્ન અને કર્મ કરે જ છે. (વર્ત એવ ચ કર્મણિ - ૩.૨૨)

આ વસ્તુ પુરુષોત્તમ ચેતનામાં સ્પષ્ટ થાય છે, તેથી 'કૃત્સ્નવિદઃ' (૩.૨૯) કહ્યો છે, સર્વજ્ઞ કહ્યો છે. ઉપર જણાવેલ માયાવાદ અક્ષર-બ્રહ્મની અનુભૂતિને જ અંતિમ સત્ય ગણી રચાયો છે પણ અક્ષરબ્રહ્મ તો સમગ્ર સત્યની એક બાજુ માત્ર છે. આ કક્ષા પ્રાપ્ત કરેલા પણ અંતે તો પુરુષોત્તમ ચેતનાને પામે જ છે. આ જગત એ પુરુષોત્તમનું ભૌતિક શરીર છે એ રીતે પણ તે પુરુષોત્તમને જાણવાનો છે. તે ચૈત્યપુરુષ તરીકે સર્વ પ્રાણીઓનો શાસક છે અને આવિર્ભાવ પ્રક્રિયા સ્વરૂપ યજ્ઞનો ભોકતા છે. તે પોતાનો અંશિક આવિર્ભાવ કરવામાં સફળ થએલો છે અને પૂર્ણ આવિર્ભાવ માટે તે વિવિધ ધ્યેયોની મોહિની ફેલાવી ધીમે ધીમે તેમની ચેતનાનો વિકાસ કરે છે. આવી રીતે અજ્ઞાનમય અધોપ્રકૃતિના આભાસોમાંથી સહેલાઈથી મુક્ત બને છે. આ બધું કાર્ય ક્ષરપુરુષ કરે છે, જે દિવ્ય-પ્રકૃતિએ ધારણ કરેલી ચેતના સ્વરૂપ છે (પ્રકૃતિર્જીવભૂતા- ૭.૫)

પરમ-પુરુષ અથવા પુરુષોત્તમ તે આ ક્ષરપુરુષ અને અક્ષરપુરુષથી પણ જુદા જ સ્વરૂપનો છે. ઉત્તમપુરુષસ્ત્વન્યઃ - ૧૫.૧૭). તેમાં ક્ષરપુરુષની વ્યક્તિતા અને અક્ષરપુરુષની નિર્વૈયક્તિતાનો સુભગ સંગમ થએલો હોય છે. આ આદિપુરુષમાંથી જ જગતનિર્મિતિની પ્રવૃત્તિ પ્રગટ થાય છે (આદ્યં પુરુષં યતઃ પ્રવૃત્તિઃ પ્રસૂતા પુરાણી - ૧૫.૪) અને તે પ્રવૃત્તિ સનાતનકાળથી છે, પુરાણી છે. જેમ અશ્વત્થવૃક્ષ (પીપળો)માં સતત વિકાસની પ્રક્રિયા ચાલતી હોય છે તેવી આ ઘટના છે. આ સંસાર અશ્વત્થ વૃક્ષ જ છે કારણ અશ્વત્થ એટલે 'ન ક્ષણમપિ તિષ્ઠતિ ઈતિ અશ્વત્થઃ' જે સતત બદલાય છે તે. સંસાર શબ્દનો વ્યુત્પત્તિજનક અર્થ પણ આ જ છે. હવે જેમ અશ્વત્થ વૃક્ષ બીજમાંથી આવિર્ભાવ પામ્યું છે, તેમ આ સંસાર-વૃક્ષ પુરુષોત્તમ સ્વરૂપ બ્રહ્મતત્ત્વમાંથી જ આવિર્ભાવ પામ્યું છે. તે ખરેખર પુરુષોત્તમે લીધેલ રૂપ છે. આ સંસાર પુરુષોત્તમનું જ રૂપ છે, તેથી આ સંસારને જે પુરુષોત્તમે લીધેલાં રૂપો તરીકે જાણે છે તે ખરેખર વેદવિત્ - વેદોને જાણનારો જ કહેવાય છે. વેદોમાં પુરુષોત્તમનાં જે રૂપો સ્વરૂપ વિવિધ દેવતાઓ વિશ્વમાં કેવી રીતે કામ કરી રહ્યાં છે, તેનું વર્ણન જોવા મળે છે. તે દેવો વિશ્વ-શક્તિઓ સ્વરૂપ છે. પણ તે વિશ્વશક્તિઓ બીજું કાંઈ નથી પણ આદ્યાશક્તિનાં જ વિવિધરૂપો છે. અને આદ્યાશક્તિ પુરુષોત્તમ પુરુષથી અલગ નથી, તેથી જ તેને 'અદિતિ' કહે

છે.વેદોમાં જે દેવો, વિશ્વ-શક્તિઓનું વર્ણન છે તે વિશ્વ-શક્તિઓ જ્યારે પ્રભુના સંકલ્પને ભૌતિક-સ્તરે વાસ્તવિક કરવા પ્રયત્નો કરે છે. તે ત્રિગુણના સ્વરૂપ તરીકે પ્રગટ થતાં હોય છે. તે પ્રવૃત્તિ ઉત્ક્રાંતિનું નવું આયોજન કરે છે. જ્ઞાનમાં વધારો કરે છે તો તે સત્ત્વગુણ કહેવાય છે. તે ટકાવી રાખે છે તો રજોગુણ કહેવાય છે અને તે અવરોધોનો નાશ કરે છે તો તે તમોગુણ કહેવાય છે. આમ આ બધી જ દેવતાઈ-શક્તિઓનાં કાર્યો ત્રિગુણાત્મક બની જવાથી વેદોને પણ 'ત્રૈગુણ્ય વિષયા વેદાશ્ચ (૨.૪૫) એમ કહેવાય છે. અપરાપ્રકૃતિનું ક્ષેત્ર એ ત્રિગુણોનું ક્ષેત્ર છે, તેથી અપરા પ્રકૃતિથી ઉપર ઊઠવું એ ત્રિગુણાતીત થવાનો માર્ગ છે. તો જ પુરુષોત્તમને જાણી શકાય છે.

છાંદોગ્યોપનિષદમાં કહ્યું છે કે 'કૃતાત્મા' જ બ્રહ્મને જાણી શકે છે. કૃતાત્મા એટલે જેણે પોતાની અપરાપ્રકૃતિને પરાપ્રકૃતિમાં રૂપાંતર કરી નાખેલ છે એવી વ્યક્તિ. આવી વ્યક્તિનો જગત તરફ જોવાનો દૃષ્ટિકોણ અથવા દર્શન જ બદલાઈ ગયું હોય છે. આવા યોગીઓ જ પોતાની અંદરના પુરુષોત્તમને જાણી શકે છે. જે 'કૃતાત્મા' નથી તે પ્રયત્ન કરે તો પણ જાણી શકતા નથી.

આ પુરુષોત્તમ - ચેતના દિવ્ય-બનેલી પ્રકૃતિમાં બે સ્તરે પ્રગટ થાય છે (દ્વાવિમૌ પુરુષો લોકે - ૧૫.૧૬) દિવ્યપ્રકૃતિ જ્યારે સ્થિર, શાંત નિર્લેપતામાં હોય છે ત્યારે પુરુષોત્તમ ચેતના અક્ષરપુરુષ તરીકે પ્રગટ થાય છે. ત્યારે આપણને પુરુષોત્તમ ચેતનાની સનાતનતા પ્રખર રીતે અનુભવાય છે તેથી તેને અક્ષરપુરુષ' તરીકે કહેવાય છે. અક્ષર એટલે સનાતન. બીજો નિર્લેપતાનો અનુભવ પ્રખર રીતે થાય છે તે માટે અક્ષરપુરુષને 'કુટસ્થ' પણ કહે છે. જેમ થડનાં ગોખલામાં (કુટ) બેસેલું (સ્થ) પક્ષી નીચેથી પસાર થનાર લોકોને દૃષ્ટાભાવથી નિરપેક્ષભાવે જોતું હોય તેમ આ અક્ષર ચેતના દૃષ્ટાભાવથી, નિર્લેપતાથી દિવ્ય-પ્રકૃતિના કાર્ય-કલાપો જોતી ભાસે છે. આ પુરુષોત્તમ ચેતનાનો એક પ્રકારનો આવિર્ભાવ છે. બીજા પ્રકારમાં પુરુષોત્તમ ચેતના ક્ષરપુરુષ તરીકે પ્રગટ થતી લાગે છે. તેમાં તે ચેતના દિવ્યપ્રકૃતિનાં કાર્યકલાપોમાં સહભાગી થઈ પોતાની ચેતનાનો વિકાસ કરતી જણાય છે. તે અનુભવના આધારે પોતામાં ફેરબદલ કરીને વિકાસ સાધે છે, તેથી તેને ક્ષરપુરુષ, બદલાતો, વિકસતો પુરુષ કહેવામાં આવે છે.

પુરુષોત્તમ ચેતના આ બન્નેથી ખરેખર વધારે પૂર્ણ છે. (સમગ્રમામ્) તેથી અલગ છે (ઉત્તમઃ પુરૂષસ્ત્વન્યઃ)

આવી રીતે ક્ષર અને અક્ષર બન્ને પુરુષોનો પુરુષોત્તમમાં અદ્વૈત સધાય છે. તે બન્ને પુરુષોત્તમનાં બે પાસાં બની જાય છે. પુરુષોત્તમ બન્ને છે અને તેમનાથી પર પણ છે.

જે લોકો બ્રહ્મતત્ત્વને નિરાકાર નિર્લેપ, અચલ, અખંડ ચેતના સ્વરૂપે જાણે છે તે ફક્ત અક્ષરપુરુષનું જ્ઞાન ધરાવતા હોય છે. તે જ્ઞાન ગુહ્યજ્ઞાન જરૂર છે પણ છતાં અધૂરું છે. તે બ્રહ્મતત્ત્વના એક પાસાનું જ જ્ઞાન છે સામાન્ય માનવ તો ક્ષરપુરુષનું જ જ્ઞાન ધરાવે છે. તેં

(પૃ.૪૬ ઉપર)

# માનવવિકાસ ચક્ર
- શ્રી અરવિંદ

પુસ્તક પરિચય - **શ્રી કે.કે.ખખ્ખર**

**(લેખ ક્રમાંક - ૧૧)**

## સામાજિક વિકાસનો આદર્શ - ૪

શ્રી અરવિન્દ માનવવિકાસ ચક્ર ગ્રંથમાં સામાજિક વિકાસના આદર્શને છેવટે સામાજિક વિકાસના મહાનિયમ તરીકે સ્થાપિત કરે છે. આ નિયમ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર અને સમગ્ર માનવજાતિ માટે સમાન હોવાથી તેને મહાનિયમ તરીકે તેઓ ઓળખાવે છે. વ્યક્તિ માટેનો નિયમ એ છે કે તેણે પોતાની ખુદની અંદર મુક્ત રીતે વિકાસ પામવાનું અને તેના જીવનને પરિપૂર્ણ બનાવવાનું છે. સાથોસાથ બીજાઓ પણ એ જ રીતે મુક્તપણે વિકાસ પામે તે વાતનો વ્યક્તિ સ્વીકાર કરે છે. તેણે સંવાદમય વિકાસ માટે અન્યને મદદરૂપ બનવાનું છે. સાથોસાથ પોતાના વિકાસ માટે અન્યની મદદ પણ લેવાની છે. વ્યક્તિની આ સંવાદગતિ સમગ્ર માનવજાતિના વિકાસ અને પૂર્ણતા માટેનું સક્રિય સાધન બને છે.

શ્રી અરવિન્દ કહે છે કે જે વ્યક્તિ માટે સાચું છે તે સમાજ માટે પણ સાચું છે. તેઓ સ્પષ્ટ કરે છે કે સામાજિક વિકાસનો મહાનિયમ એ છે કે તમામ સમૂહો, સમુદાયો અને નાનાં-મોટાં સામાજિક સંગઠનો છેવટના સરવાળે સમગ્ર માનવજાતિના વિકાસ અને તેની પરિપૂર્ણતા માટે સાધનરૂપ અને શક્તિરૂપ બની રહે એ સામાજિક વિકાસનો મહાનિયમ છે. શ્રી અરવિન્દ ઉમેરે છે કે સમગ્ર માનવજાતિ માટે વિકાસનો મહાનિયમ એ છે કે તેણે સમગ્ર માનવજાતિની અંદર પ્રભુત્ત્વની પ્રાપ્તિ કરવાની છે અને આવા પ્રભુત્ત્વને અભિવ્યક્ત કરવાનું છે, પ્રગટ કરવાનું છે.

આમ, શ્રી અરવિન્દ જેને સામાજિક વિકાસનો આદર્શ અથવા મહાનિયમ કહે છે તે વ્યક્તિ, સમુદાય, રાષ્ટ્ર કે સમગ્ર માનવજાતિ માટે એક જ છે. આ નિયમ અનુસાર માનવજાતિના તમામ ઘટકો મુક્તપણે તથા સંવાદગતિથી વિકાસ પામે છે અને સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે. છેવટે માત્ર આદર્શ તરીકે જ નહીં પરંતુ વ્યવહારમાં માનવજાતિ એક દિવ્ય કુટુંબ તરીકે ઊભરી આવે એવા દિવસની તૈયારીમાં સમગ્ર માનવજાતિને પ્રવૃત્ત થવાનું છે.

સામાજિક વિકાસનો ઉપર્યુક્ત આદર્શ અથવા મહાનિયમ હજુ માનવજાતિ

ચરિતાર્થ કરી શકી નથી તે અંગે શ્રી અરવિન્દ આપણને સભાન કરે છે. તેઓ કહે છે કે આ આદર્શ સિદ્ધ થતાં ઘણો સમય લાગી શકે છે. મનુષ્ય હજુ પોતાના પ્રત્યે પૂર્ણપણે જાગૃત થયો નથી કે પોતાને પૂર્ણરીતે સમજી શક્યો નથી અથવા પોતાની જાત પર પ્રભુત્ત્વ મેળવી શક્યો નથી. હજુ તો તે પોતાની પ્રકૃત્તિમાંથી આવતી આછીપાતળી પ્રેરણાઓને અર્ધજાગૃતપણે અનુસરતો જણાય છે. આમ કરવામાં તે અનેકવાર લથડે છે અને પોતાની સાથે અન્યલોકોને નુકસાન પહોંચાડે છે. તો સત્ય-અસત્ય કે ખરાં-ખોટાની જાળમાં ફસાતો અને તેમાંથી મહામહેનતે છૂટતો આગળ ચાલવા મથે છે. અનેક કિસ્સાઓમાં તો પરિસ્થિતિને વશ બની જાય છે અને દબાણો નીચે સમાધાનો શોધી લે છે. હજુ તેણે જ્ઞાનની વિવિધતા, ચિત્તની મુલાયમતા અને સ્વભાવની શુદ્ધિ મેળવવાની છે, જેના વડે તે વિસંવાદિતાનો સામનો કરવામાં સફળ બની શકે. તેણે દબાણ, અથડામણ અને બાંધછોડના માર્ગને એક બાજુએ મૂકીને મુક્તિ અને સંવાદિતાના સથવારે આગળ ધપવાનું છે.

અલબત્ત, શ્રી અરવિન્દ આપણને એ વાતનું આશ્વાસન આપે છે કે જગતમાં આત્માભિમુખતાના યુગનું આગમન થઈ ચૂક્યું છે તથા જ્ઞાનની વૃદ્ધિ થઈ રહી છે. વ્યક્તિઓ, સમુદાયો અને રાષ્ટ્રો એકમેકની નજીક આવી રહ્યાં છે. શ્રી અરવિન્દ કહે છે કે આ કહેવાતી એકતાની પાછળ હજુ ઘણીબધી અંધાધૂંધી રહેલી છે. લોકોએ ખૂબ-જાગૃતપણે પોતાની જાત તથા સમાજને ઓળખવાની અને યર્થાથસ્વરૂપે જાણી લેવાની જરૂર છે. વ્યક્તિએ તેના સ્વરૂપનો અને વિકાસના નિયમનો પૂરેપૂરો પરિચય મેળવી લેવાનો છે. તેણે તેની અહમ્-પ્રધાન પ્રકૃતિના આવરણને બાજુએ મૂકી દેવાનું છે. તેણે સામાજિક વિકાસના આદર્શને અને તેના મહાનિયમને હંમેશા પોતાની નજર સમક્ષ રાખવાનો છે તથા તેને અનુસરવાનો છે. ભલે ધીમી ગતિએ પણ ખૂબ મક્કમતાથી આધ્યાત્મિક સમાજની રચના અને તેના આવિર્ભાવની દિશામાં આગળ વધવાનું છે.

માનવસમાજ માટે આધ્યાત્મિક સમાજની રચનાનું મહાકાર્ય ઉપસ્થિત થઈ ચૂક્યું છે. શ્રી અરવિન્દ આ બાબતમાં ખૂબ આશાવાદી છે અને દૃઢતાપૂર્વક જણાવે છે કે આધ્યાત્મિક સમાજની રચનાનો આદર્શ સિદ્ધ થશે. આ એક મહાકાર્ય છે, પરંતુ માનવજાતિ માટે આ કાર્યમાં પ્રવૃત થવાનું અને આધ્યાત્મિક સમાજની રચનાને ચરિતાર્થ કરવાનું અનિવાર્ય છે.

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

Savitri - B-1, C-3, P-34-35

## ઉત્તમ ખેલૈયો

પ્રકરણ - ૯૦

આપણામાં રહેલ અવચેતન પોતાનું નિયંત્રણ આપણી ચેતના ઉપર અને આધાર ઉપર રહે તેમાં જ રસ લેતું હોય છે. આપણી પસંદગી, નાપસંદગીઓ અને આસક્તિઓનો તે પૂરેપૂરો ફાયદો લે છે અને એમને જ પોતાની લગામ તરીકે વાપરી આપણને સંચાલિત કરતું હોય છે અને આપણે ભ્રમમાં જીવીએ છીએ કે અમે તો અમારી સ્વતંત્ર ઈચ્છા મુજબ જ જીવીએ છીએ. આપણી ઈચ્છા પાછળ કામ કરતું અવચેતન આપણને દેખાતું જ નથી.

અને જ્યારે જ્યારે આપણે આપણી વાસના પૂરી કરીએ છીએ ત્યારે ત્યારે તે અવચેતનની લગામ વધારે ને વધારે મજબૂત બને છે, એ વસ્તુ પણ આપણી ધ્યાન બહાર રહેતી હોય છે. આપણે વધારે ને વધારે ગુલામ થતા જઈએ છીએ.

આ વાત આપણા બાહ્ય આત્માને આપણા મન-પ્રાણ-શરીરને સમજાતી નથી, પણ અંદર જે ચૈત્યપુરુષ બેઠેલો હોય છે, તે આ સમગ્ર પ્રક્રિયાને પોતાની સ્વયંપ્રકાશિત પ્રજ્ઞાથી સારી રીતે સમજી લેતો હોય છે. પણ આ પરિસ્થિતિમાં તે ખૂબ જ સંયમ અને વિવેક વાપરે છે. તેને ખબર છે તે આપણને બચાવવાનો જેટલો પ્રયત્ન કરશે તેટલા આપણે તેના સાચા અને હિતકારક કાર્યના વિરુદ્ધમાં જઈશું. આપણી વિવેકશક્તિ બહેર મારી ગએલી હોય છે. ખોટી સમજણને જ આપણે સાચી સમજણ ગણતાં હોઈએ છીએ. પોતાની વાસનાની ગુલામીને ‘જીવનનો રસાસ્વાદ’ જેવા ખૂબ જ સંસ્કારી નામથી અજાણતા ઢાંકી રાખતા હોઈએ છીએ.

ચૈત્યપુરુષ તેથી ધીમે ધીમે આપણા ‘રસ’ની ગુણવત્તા સુધારતો સુધારતો આપણને દોરતો હોય છે. પશુવાસનામાંથી માનવીવાસનાઓ સુધી ઉપર ખેંચે છે. સાહિત્ય અને કલાસંગીત અને ચિંતન જેવી વાસનાઓ તરફ લઈ જાય છે. કાંટાથી કાંટો કાઢે છે.

પણ આ કરતી વખતે તેને પોતાની સાચી દિવ્ય-પ્રવૃત્તિ અને દિવ્ય-કર્મને થોડાક ઢાંકીને આપણી સામે રજૂ કરવાં પડે છે. આ જાણે તેણે સ્વીકારેલું સ્વૈચ્છિક પતન બની જાય છે. તેનો સાચો સ્વભાવ તો દિવ્યસ્વભાવ, દિવ્યપ્રકૃતિ અને દિવ્યકર્મને અણિશુદ્ધ રીતે પ્રગટ કરવાનો છે પણ આપણા હિતમાં તે જાણે અનિચ્છાએ આ પોતાનું સ્વૈચ્છિક

પતન સ્વીકારે છે. શ્રી અરવિન્દ જણાવે છે કે

An old pull of subconscious cord renews,
It draws the unwlling spirit from the hights.

હવે જ્યારે સાધક થોડો સભાન બને છે, જાગૃત બને છે, સાધના વિષે સંનિષ્ઠ બને છે; ત્યારે તે પોતે જ આ ઘટનાઓને જાણવા અને સમજવા લાગે છે. તે અનુભવે છે કે આપણા અશુદ્ધ આધારનું અચેતનનું આકર્ષણ, ગુરુત્વાકર્ષણ, જાણે તેને નીચે ખેચતું હોય, અને નીચે આધારમાં જે યાંત્રિક રીતે ખેંચતી અચેતનની જડતા છે તેમાં તેને લઈ જવા માંગે છે. આવું ખેંચાણ હવે સાધકમાં એક પ્રકારની આત્મગ્લાનિ નિર્માણ કરે છે, પશ્ચાતાપ નિર્માણ કરે છે. એક પ્રકારનો આધ્યાત્મિક અસંતોષ રચે છે. પોતાની ગુલામીને તે ઓળખતો થાય છે. અર્જુન આ કક્ષાનો સાધક હતો તેથી તે જણાવે છે કે મન અને ઈન્દ્રિયો તેને પરાણે ખેંચી જતી અનુભવાય છે. આ અર્ધ-સભાન અવસ્થા જ સાધના કરવાના દૃઢ-સંકલ્પને ખાતરપાણી પૂરું પાડે છે. સાધના બાબત સાધક વધારે જાગરૂક અને સાવધ બને છે. શ્રી અરવિન્દ જણાવે છે કે

Or a dull gravitation drags us down
To the blind driven inertia of our base.

શ્રી અરવિન્દ આ બન્ને અવસ્થાને પર્યાયી ગણાવતા "or" શબ્દ વાપરે છે. એક તો પેલી અભાન ગુલામીની અવસ્થા હોય છે અથવા આવી સભાન અવસ્થા હોય છે, બન્નેમાં ગુલામી તો હોય જ છે. તફાવત અભાનતાનો અને સભાનતાનો હોય છે.

પણ પેલા ચૈત્યપુરુષરૂપી સર્વશ્રેષ્ઠ ઉત્તમ ખેલેયો, ખેલાડી આ બન્ને અવસ્થાઓને એવી કુશળતાથી પોતાના આયોજનમાં વાપરે છે કે તેમાં આપણાં પતનોને કારણે આપણી પ્રગતિને ઝડપી બનાવી શકાય. કહે છે કે સાચો ખેલૈયો સામેના પ્રતિસ્પર્ધીની તાકાતને પોતાની રીતે વાપરી તેનો પ્રયોગ પ્રતિસ્પર્ધીને પરાભૂત કરવામાં જ વાપરે છે. આ રીતે અવચેતન જે સાધકની પ્રગતિ અટકાવવા માંગે છે તેની જ શક્તિથી વધારે પ્રગતિ ચૈત્યપુરુષ સાધી લે છે.

આખરે અવચેતન અને અચેતન પણ પ્રભુનાં જ પ્યાદાં છે. તેના જ નાટકમાંના ખલનાયક છે પણ તેઓ નાટકમાં ખલનાયક દેખાતા હોય તો પણ કલાકાર તરીકે પ્રભુના પૂર્ણ આજ્ઞાંકિત છે અને નાટકકાર પ્રભુનાં નિયત સંવાદો જ બોલે છે. તે પ્રચ્છન્ન દિવ્ય-તત્ત્વો જ છે. પ્રભુનાં જ આદેશથી અન્ય દૈવી-શક્તિઓનાં કાર્યનું ઈન્સ્પેક્શન કરતાં ઈન્સ્પેક્ટર કે ઓડિટર છે. શ્રી અરવિન્દ જણાવે છે કે

This too the supreme Diplomat can use,
He makes our fall a means for greater rise.

આવું કરવાનું કારણ હવે શ્રી અરવિન્દ સમજાવે છે. આ જે ભૌતિક જીવન છે એ તો

જડ, નીચલી કક્ષાનું નિસર્ગનું એક ઝંઝાવાતી અંધ વાસનાનું તુફાની એવું ક્ષેત્ર છે, જ્યાં સતત વાસનાંનાં વાવાઝોડાં ફૂંકાંતાં હોય છે. ચક્રવાતો વિનાશ સર્જતા હોય છે. ત્યાં જાણે બધું જ અનિયંત્રિત, આપખુદ, ઝનૂની છે. પ્રકૃતિનું શાસન ત્યાં હજી સ્થિર થએલ નથી વ્યવસ્થાપન પ્રાથમિક સ્તરનું જ છે. અંધાધૂંધી એ જ આજના તબક્કાની વાસ્તવિકતા છે. તેમાં જ્યારે સર્વસમર્થ, સર્વજ્ઞ, નિરાકાર, પરમ - ચેતના પ્રવેશવા માંગે છે ત્યારે તે સીધેસીધી પ્રવેશતી નથી પણ પોતાની આગળ જાણે પોતાનો અગ્રદૂત રૂપી ચૈત્યપુરુષને મોકલે છે. તે રાજદ્વારી પ્રતિનિધિ કુનેહથી ધીમે ધીમે પોતાની જગ્યા રચે છે અને તેમાં પરમ-ચેતના પગપેસારો કરીને પોતાના દૃઢ મૂળિયાં નાંખતી જાય છે. આવું કરવાનું કારણ ડર નથી કે અશક્તિ નથી. પણ આ મૃત્યુને આધિન જે મર્ત્ય-જીવન છે તેમાં થોડીઘણી રચાએલી વ્યવસ્થા પણ ન ભાંગી પડે તેની કાળજી લેવાની વિવેકશક્તિ છે. ઓછામાં ઓછી ખુમારી અને સંઘર્ષ વગર પ્રદેશ કબજે કરવો એ જ સાચા વિજેતાનું લક્ષણ છે. સાચો વિજેતા પ્રદેશ જીતીને તરત લોકોના હૃદય પણ જીતી લે છે, લોકચાહના મેળવે છે, તેમ ચૈત્યપુરુષ અને પરમ-ચેતનાની આ જોડી પેલા મર્ત્ય-જીવનનાં ઘટકોમાં પણ તેમની પ્રત્યે રસવૃત્તિ જગાડીને ધીમે ધીમે જેમ જંગલી પશુને કેળવાય તેમ કેળવે છે. આ જ હેતુથી ઉપરનું સમગ્ર આયોજન થએલું હોય છે. શ્રી અરવિન્દ લખે છે કે

For into the ignorant nature's gusty field,
Into the half-ordered chaos of mortal life.
The formless Power, the self of eternal light
Follow in the Shadow of the Spirit's decent

શ્રી અરવિન્દ નિરાકાર ચેતનાને અહીં Self of eternal light તરીકે વર્ણવે છે, તેની પાછળનું રહસ્ય નીચે મુજબનું છે. ચેતના બન્ને અવસ્થામાં રહી શકે છે. તે સક્રિય પણ થઈ શકે છે અને નિષ્ક્રિય પણ રહી શકે છે. નિષ્ક્રિય ચેતના આકારવિહીન, અચલ અવ્યક્ત સ્વરૂપની હોય છે. તે જાણે ચેતનાની 'અવ્યક્ત' અવસ્થા હોય છે. જ્યારે સક્રિય ચેતના સાકાર બને છે, સગુણ બને છે, નિષ્ક્રિય ચેતનામાંથી જ્યારે સક્રિય ચેતના બનવાનો પ્રારંભ થાય છે ત્યારે તેમાં સંકલ્પ જાગે છે અને આ સંકલ્પની એકાગ્રતા, તીવ્રતામાંથી જે પ્રકાશ ફેંકાય છે, ઉત્સર્જીત થાય છે તે જ ચેતનાની પ્રથમ સક્રિય અવસ્થા છે, 'વ્યક્ત' અવસ્થા છે. તેથી એક રીતે જોતાં આ પરમ-દિવ્ય-પ્રકાશનો આત્મા અને આંતરિક સત્ય એટલે પેલી નિરાકાર - ચેતના જ છે. પેલું 'અવ્યક્ત' જ છે. તેથી અહીં નિરાકાર ચેતનાને "Self of eternal light" તરીક શ્રી અરવિન્દે વર્ણવેલ છે. શ્રી અરવિન્દ વેદોમાં જણાવેલી ગૂઢ અનુભૂતિઓનાં કેવા અછડતા ઉલ્લેખ કરીને તરત આગળ પસાર થઈ જાય છે તેનો આ ઉત્તમ દાખલો છે. તેઓ 'મર્મી કવિ' છે એ વસ્તુ સતત ધ્યાનમાં લેવા જેવી છે. મર્મી કવિનાં આવાં લક્ષણો હોય છે.

આવી રીતે આ નિરાકાર - ચેતના અને ચૈત્યપુરુષની જોડી, જે ખરેખર એક જ છે. કારણ નિરાકાર ચેતનાનો જ પ્રકૃતિમાં પ્રવેશેલો આ સક્રિય ભાગ હોય છે. તે બન્ને આત્મા જાણે આ પ્રકૃતિનાં ડહોળાયેલાં પ્રદેશમાં પોતાનું થાણું નાંખે છે. પોતાની રાહુટી રોપે છે, મઢુલી રચે છે. આ મઢુલીની આજુબાજુ બેફામ ઈન્દ્રિયોથી ઉશ્કારાએલી વાસનાઓના ચક્રવાત પવનો ઘૂઘવાતા હોય છે, સૂસવાટા મારતા હોય છે. પણ પરમ-ચેતના આ પ્રકૃતિનાં પ્રદેશમાં હેતુપૂર્વક ‘અવ્યક્ત’ જ રહે છે.

જેમ દક્ષ રાજા નગરચર્યા કરવા ગુપ્તવેશે બહાર ન પડ્યો હોય ! તે પરમચેતના જાણે બીજસ્વરૂપે, અવ્યક્તસ્વરૂપે આવા પ્રકૃતિનાં અંધારભર્યા પ્રદેશમાં પણ પ્રવેશીને રહે છે અને ચૈત્યપુરુષ મારફત પોતાનું ધાર્યું કામ ઉકેલતી જાય છે. ઉત્ક્રાંતિની એક એક ઈંટ મૂકતી જાય છે. ચણતર કરતી જાય છે અને પેલું અચિત્ બેખબર થઈને સૂતું રહે છે. પોતાની અખંડ આણ પ્રર્વતી રહી છે તેના ખોટા ખ્યાલોમાં રત-મગ્ન હોય છે. પેલો ચિત્તચોર તો પોતાનું ખાતર પાડીને ચોરી કરતો હોય છે.

સાધકની અભાન અવસ્થામાં અથવા અર્ધસભાન અવસ્થામાં પણ દિવ્ય-ચેતના અવિરત પોતાનું કામ કરતી જ હોય છે. શ્રી અરવિન્દ લખે છે કે

The twin duality for ever one
chooses its home mid the tumults of the sense.
He comes unseen into our darker parts
And curtained by the darkness, does his work.

પરમ ચેતના સૂક્ષ્મ છે, તેથી ‘અવ્યક્ત’ સ્વરૂપે રહે છે. પણ તે સર્વજ્ઞ છે. આ નવા ક્ષેત્રમાં તે વણબોલાવેલા અતિથિ જેવી છે, કારણ સાધકે સભાન રીતે હજી બોલાવેલ નથી. પણ તે આપણી હિતેચ્છુ છે. ગુપ્ત રીતે પણ મદદગાર છે, માર્ગદર્શક છે અને વાટ જોતી હોય છે કે આ તમોગ્રસ્ત મન, પ્રાણ અને શરીર ક્યારે એવું અનુભવે કે તેમણે સુધરવાની જરૂર છે, તેમણે બદલવાની જરૂર છે, તેમણે રૂપાંતર પામવાની જરૂર છે. પરમ-ચેતના વાટ જોઈ રહી છે. તેની ધીરજ ગજબની છે કારણ આ પ્રતીક્ષાનો સમય કરોડો વર્ષોનો પણ હોઈ શકે છે. તે ઉત્તમ - ખેલૈયો છે, તેથી જ તો તે મલિન તત્ત્વો તૈયાર થઈ તેને સ્વીકારે તેવી અખૂટ ધીરજ રાખે છે. અંધકારના પિછોડા પાછળ તે કામ કરે છે. તેવી પરિસ્થિતિમાં કેવી રીતે અજ્ઞાતમાં કામ કરવું તેનું તેને સૂક્ષ્મજ્ઞાન છે. તે આવે છે અતિથિ તરીકે પણ આવીને માર્ગદર્શક ભોમિયો બની જાય છે ત્યારે તે મલિન તત્ત્વો તેને પોતાનો નાયક સ્વીકારવાની સંમતિ આપે છે.

A subtle and all knowing guest and guide,
Till they too feel the need and will to change.

# યોગ વિષે પત્રો

- શ્રી અરવિંદ

## સ્વરૂપની ભૂમિકાઓ - પ્રકરણ - ૧૦

### અવતરણો

(ભાગ૧, પૃ. ૩૦૩-૩૧૭)

## જીવાત્માનું સ્વરૂપ

૧ માણસ ઊર્ધ્વના પ્રદેશમાં ગયા સિવાય..... બ્રહ્મનો કે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકે છે. પૃ.૩૦૩

૨ (તો) મનોમય ભૂમિકાથી ઉપર જવાની શી જરૂર છે ? પૃ.૩૦૪

૩ (નિર્વાણની) તે અનુભૂતિથી મારામાં સ્થિરતા આવેલી..... ફક્ત 'તત્'ની એકમાત્ર સાચી વાસ્તવિકતાનો કોને સાક્ષાત્કાર થએલો ?... એવી કોઈક ચેતના હોવી જ જોઈએ જે આ બધાનું દર્શન કરતી હોય. તે જો શુદ્ધ 'હું' ન હોય (ચૈત્યપુરુષ) તો બીજું શું હોય ? પૃ.૩૦૫

૪ આ યોગનાં લક્ષ્યો માટે (મનની પેલે પાર જવું) તે અનિવાર્ય છે. પૃ.૩૦૬

૫ મારા માટે..... જીવાત્મા..... તેના વિકાસક્રમો ઉપર અધ્યક્ષ સ્થાન રાખે છે..... પોતાની જાતને વિશ્વરૂપ તેમ જ પરાત્પર તરીકે તેમ જ વ્યક્તિસ્વરૂપે પણ જાણે છે.... આ ત્રિવિધ પ્રકારનો સાક્ષાત્કાર.... અતિમનસ ચેતના માટે..... સ્વાભાવિક, સરળ અને અસંદિગ્ધ હોય છે. પૃ.૩૦૬-૩૦૭

૬ એવું કાંઈ પણ કહેલું નથી કે જીવાત્માનું સ્થાન કેવળ અતિમાનસ ભૂમિકામાં જ છે. પૃ.૩૦૮

૭ જીવાત્માને (તેને) કોઈ નિશ્ચિત આકાર નથી. પૃ.૩૧૩

૮ કૂટસ્થ એ અક્ષર પુરુષ છે. જીવાત્મા નથી. પૃ.૩૧૩

૯ આ યોગની પૂર્ણતા માટે બન્ને પ્રકારની અભીપ્સા જરૂરી છે. (ચૈત્યપુરુષની અને જીવાત્માની) પૃ.૩૧૫

૧૦ ઊર્ધ્વમાંથી આવતી અભીપ્સા એ જીવાત્માની છે. પૃ.૩૧૭

**સમજૂતી** - માનસિંહ ચાવડા

કોઈ પણ વ્યક્તિ ચેતનાનાં આધ્યાત્મિક ઊર્ધ્વ - પ્રદેશમાં આરોહણ કર્યા વગર ઈશ્વર કે બ્રહ્મનો સાક્ષાકાર કરી શકે છે. કારણ સહસ્રદલમાં તેનો સાક્ષાત્કાર થાય છે, જે હજી આપણા સ્વરૂપનો જ અંતિમ છેડો છે. તે આધ્યાત્મિક મનનો પ્રદેશ છે પણ બીજી રીતે પણ હૃદયનાં ઊંડાણમાં પ્રવેશી નિર્લેપ શાંતિમાં પ્રવેશીને પણ તે સાક્ષાત્કાર કરી શકે છે. આ

બધું શક્ય છે કારણ ઈશ્વર કે બ્રહ્મતત્ત્વ સર્વત્ર છે. તેમાં મુક્ત, વિશાળ, નીરવ, શાશ્વત, અનંત ચેતનાનો સાક્ષાત્કાર થાય છે. તે જીવાત્માનાં સત્-સ્વરૂપનો સાક્ષાત્કાર હોય છે. તેમાં તે પ્રકૃતિને ટેકો આપનાર તત્ત્વ તરીકે અનુભવાય છે.

તો પછી મનોમય ભૂમિકાથી ઉપર જવાની જરૂર શી ? આ પ્રશ્ન ઊભો થાય છે. શ્રી અરવિન્દને પણ મનથી ઉપર ગયા પહેલા જ નિર્વાણની અનુભૂતિ આવેલી. બૌદ્ધો શૂન્યની અનુભૂતિ સ્વરૂપ નિર્વાણને મનની સક્રિયતાનો લય જ ગણે છે.

પણ પ્રશ્ન છે કે નિર્વાણની, નિરવ બ્રહ્મની અનુભૂતિ કોને થાય છે ? મન તો નથી જ. તો તે નિશ્ચિતરૂપે શુદ્ધ 'હું' (અહમ્) હતો. તે ચૈત્યપુરુષ હતો.

પણ પૂર્ણ યોગમાં મનની ઉપરનાં પ્રદેશોમાં જવું અનિવાર્ય છે. આ યોગમાં યોગનું લક્ષ્ય ઋત-ચેતનાનાં પ્રકાશથી આપણા સ્વરૂપનાં સર્વે તત્ત્વોને રૂપાંતરિત કરી તેમને સુગઠિત કરી દિવ્ય-સ્વરૂપ રચવાનું છે. ઋત્-ચેતના મનનાં ઉપરનાં પ્રદેશોમાં જ રહેતી હોવાથી મનના પ્રદેશને વટાવી જવો અનિવાર્ય બને છે.

બીજા યોગો માટે કદાચ આ બિનજરૂરી હોઈ શકે છે.

જીવાત્માની ચેતનામાં રહીને જ ઋત-ચેતના (અતિમનસ ચેતના) પ્રાપ્ત થાય છે. જીવાત્મા પોતે વ્યક્તિ-ચેતના તરીકે, વૈશ્વિક - ચેતના તરીકે તથા વિશ્વાતીત ચેતના તરીકે પોતે સભાન હોય છે. તેને પોતાના મૂળ તત્ત્વ તરીકે પરમાત્માનો જ અનુભવ આવે છે. પરમાત્મા જ તેની મારફત સક્રિય રીતે કાર્ય કરી રહ્યાં છે એવો તેનો ભાવ છે. તે સક્રિયતાને નીચે પસાર કરનાર પોતે એક નિષ્ક્રિય માધ્યમ છે એમ તે અનુભવે છે.

તે અહર્નિશ પરમાત્મા સાથે એકરૂપતા અનુભવે છે. તેમાં ધારણ કરેલ પ્રેમ અને આનંદ પરમાત્મામાંથી વહી આવતો જ તે અનુભવે છે. આવી ચેતનાની અનુભૂતિ એ મનની ચેતનાની અનુભૂતિથી તદ્દન ભિન્ન છે. તેથી જ આ ઋત-ચેતનાને મનની પેલેપારની અતિમનસ-ચેતના કહેવાય છે.

જીવાત્માને 'શુદ્ધ અહં' કહેવાથી ગેરસમજ થવાની શક્યતા છે. જીવાત્માની પરમાત્મા સાથેની એકરૂપતાને કારણે તે બધાં સાથે એકરૂપતા અનુભવે છે. જ્યારે 'શુદ્ધ અહમ્' પોતાની અલગતા - સ્વતંત્રતા ઉપર વધારે ભાર મૂકતો શબ્દ છે.

જીવાત્માની શક્તિ જ ચૈત્યપુરુષ દ્વારા કાર્ય કરતી હોય છે, તેથી માણસ મન, પ્રાણ કે શરીરનાં પુરુષને જ 'જીવ' માની બેસે છે; પણ તે બધાં વચ્ચેનો ભેદ આપણા યોગમાં સમજી લેવો જરૂરી છે, ફક્ત સ્પષ્ટ બૌદ્ધિક વિચારસરણી માટે નહિ પણ અનુભૂતિઓની સ્પષ્ટ પ્રક્રિયા સમજવા માટે પણ સાચી આધ્યાત્મિક અનુભૂતિ સિવાય આ સમજી શકવું જરા મુશ્કેલ છે.

જીવાત્મા અને જીવ વચ્ચેનો ભેદ એટલે એક જ વસ્તુનાં ઊર્ધ્વ અને નિમ્ન પાસાં

વચ્ચેના ભેદને સમજવા જેવું છે. તેથી કેન્દ્રિય સ્વરૂપમાં બન્નેનો સમાવેશ કરી લેવો જરૂરી છે. તેથી જ શ્રી અરવિન્દ ઘણી વખત જીવ અને જીવાત્માને સમાનર્થી શબ્દો તરીકે વાપરે છે.

દિવ્ય-જીવનનાં અતિમનસની ત્રિવિધ અવસ્થાનાં પ્રકરણમાં શ્રી અરવિન્દે અતિમનસે સર્જેલી ત્રણ અવસ્થાનું વર્ણન કરેલ છે. જીવાત્મા ફક્ત અતિમનસ કક્ષાએ છે તેવું વિધાન ક્યાંયે નથી. કારણ તેવું હોત તો અતિમનસ કક્ષામાં પ્રવેશ્યા સિવાય જીવાત્માનો સાક્ષાત્કાર થાત જ નહિ, પણ જીવાત્માની વ્યક્તિગત-ચેતના તરીકે કે વૈશ્વિક - ચેતના તરીકે અતિમનસમાં પ્રવેશ્યા પહેલાં પણ ઘણાં લોકોને અનુભવ આવ્યો છે. જીવાત્માએ તો દરેક કક્ષાએ પોતાના સ્વરૂપ ધારણ કરેલાં જ છે જેને પાર્થિવપુરુષ, પ્રાણમયપુરુષ,મનોમયપુરુષ, વિજ્ઞાનમયપુરુષ અને આનંદમયપુરુષ કહેવાય છે. જે તે પુરુષ દ્વારા પણ જીવાત્માની અનુભૂતિ આવી શકે છે. ઉપનિષદો પણ આમ જ જણાવે છે. વિજ્ઞાનમય પુરુષ એ અતિમનસ કક્ષાનો પુરુષ છે. આ બધા જ પુરુષોને જીવાત્મા ટેકો આપી રહેલ હોય છે.

આમ ચૈત્યપુરુષ એટલે આવિર્ભાવની, જન્મમરણની પ્રક્રિયામાં પ્રવેશેલો જીવાત્મા એવું સમજવા ખાતર કહી શકાય. અંગ્રેજી Spirit શબ્દની જેમ 'આત્મા' શબ્દના પણ વિવિધ અર્થો છે. તેથી દરેક શબ્દ ચોકસાઈથી વાપરી સ્પષ્ટ રીતે સમજી લેવું જરૂરી છે.

જીવાત્માની અનુભૂતિ વખતે નિર્લેપતા, નિરવતા, મુક્તિ, વિશાળતા, પ્રભુત્વ વગેરેના અનુભવો આવે છે. વિશ્વરૂપતાની તો તેમાં ખાસ અનુભૂતિ હોય છે જે ચૈત્યપુરુષની અનુભૂતિમાં હોતી નથી. ચૈત્યપુરુષની અનુભૂતિમાં વ્યક્તિગત અંતરાત્માની અનુભૂતિ આવે છે. તેમાં ભક્તિ, સમર્પણ, પવિત્રતા, સુંદરતા, વિવેકજ્ઞાનનો અનુભવ થાય છે. ચૈત્યપુરુષ સાધકનાં હૃદયમાં અનુભવાય છે, જ્યારે જીવાત્મા મસ્તકની ઉપર. સારાંશ વૈશ્વિક આત્માની અનુભૂતિ એ જીવાત્માની અનુભૂતિ છે અને વ્યક્તિગત આત્માની ચૈત્યપુરુષની. જીવાત્મા નિરાકાર છે અને સર્વવ્યાપી છે. જ્યારે ચૈત્યપુરુષ એક જ્યોતિર્મય સ્વરૂપ છે, સીમિત છે, સાકાર છે. તે એક આધ્યાત્મિક વ્યક્તિતા છે. આ ચૈત્યપુરુષ જ અપરા અને અશુદ્ધ પ્રકૃતિનું રૂપાંતર સાધે છે.

ખૂબ જ સૂક્ષ્મ રીતે જોઈએ તો ચૈત્યપુરુષ અને જીવાત્માની અભીપ્સામાં પણ સૂક્ષ્મ તફાવત હોય છે. ચૈત્યપુરુષની અભીપ્સામાં મન, પ્રાણ, શરીરની રૂપાંતરની અભીપ્સા હોય છે, જ્યારે જીવાત્માની અભીપ્સામાં વૈશ્વિક અને વિશ્વાતીત ચેતનાનાં સાક્ષાત્કારની અભીપ્સા હોય છે. ચૈત્યપુરુષની અભીપ્સા હૃદયમાં અનુભવાય છે. જીવાત્માની મસ્તકની ઉપર.

પૂર્ણયોગમાં બન્ને પ્રકારની અભીપ્સાની જરૂરિયાત છે.

# ભારતીય સંસ્કૃતિના પાયા
- શ્રી અરવિંદ

અવતરણો
(પૃ.૩૦૮-૩૨૦)

૧ (વેદ ને ઉપનિષદોનું જ્ઞાન) પાછળથી એક સમૃદ્ધ અને કુતૂહલજનક બૌદ્ધિક વિકાસમાં પરિણમ્યું. પૃ.૩૦૮
૨ ભારતીય માનસની આ પ્રકારની ગતિવિધિ બે દિશામાં વળી : કડક તાત્ત્વિક વિચારણા (સૂત્રો, દર્શનો, ભાષ્યો) અને (સમગ્ર) જીવન સમજવાનો પ્રયાસ આદર્યો. (તેને) રાષ્ટ્રીય સંસ્કૃતિ અને તેના માળખાના પ્રધાન વિચારોની સાથે..... વ્યવસ્થિત રીતે સુસંબદ્ધ કર્યું. (દા.ત. મહાકાવ્યો) પૃ.૩૦૯-૩૧૦
૩ દૃષ્ટિપટની વિશાળતા અને પ્રેરકહેતુનાં સત્ત્વ અને ઊંચાઈની દૃષ્ટિએ, હોમરનાં મહાકાવ્યોના કરતાં વધુ મહાન છે. પૃ.૩૧૧
૪ એક બાજુ.... જીવનનો પ્રાચીન..... પ્રાણવાન શક્તિનો સાહજિક ઉચ્છ્‌વાસ અને બીજી બાજુ, નૈતિક..... બૌદ્ધિક..... તાત્ત્વિક માનસની પ્રવૃત્તિ..... એમ બન્નેનું વિશિષ્ટ મિશ્રણ એ ખરેખર, એક નોંધવાલાયક લક્ષણ છે. પૃ.૩૧૧
૫ ઈતિહાસ એટલે પ્રાચીન ઐતિહાસિક વા પૌરાણિક પરંપરા..... રામાયણ અને મહાભારત આ પ્રકારનાં ઈતિહાસ ગ્રંથો છે. પૃ.૩૧૧-૧૨
૬ તે માત્ર મહાન કાવ્યગ્રંથો જ નથી પણ ધર્મશાસ્ત્રો છે. પૃ.૩૧૨
૭ મહાભારત..... આખા રાષ્ટ્રમાનસનું સર્જન છે. પૃ.૩૧૩
૮ કેટલીક વાર ગીતાની જેમ નવા વિકાસો પ્રત્યે વાળવામાં આવે છે. પૃ.૩૧૫
૯ (મહાકાવ્યની) વિષયવસ્તુ..... પાર્થિવ જીવનમાં દૈવી અને આસુરી શક્તિઓની અથડામણ... પૃ.૩૧૬
૧૦ (મહાકાવ્યો) મહાન સંસ્કૃતિની ચૈતન્યમયી મૂર્તિ છે. પૃ.૩૨૦

## મહાકાવ્યોની મહત્તા
પ્રકરણ - ૧૩

**સમજૂતી** - માનસિંહ ચાવડા

ભારતીય સાહિત્યમાં આધ્યાત્મિક જ્ઞાનના ભંડારસ્વરૂપ વેદો અને ઉપનિષદોને સમજ્યા બાદ ત્રીજા ક્રમે બૌદ્ધિક વિકાસના તબક્કા સ્વરૂપ જેમાં ધાર્મિક, નૈતિક-સામાજિક વિકાસ અને આદર્શો જણાવેલાં છે તેવાં મહાકાવ્ય, સૂત્રો, સ્મૃતિગ્રંથો

(મનુસ્મૃતિ વગેરે) અને બ્રાહ્મણોનો સમાવેશ થાય છે.

આ વિકાસમાં અંતઃપ્રજ્ઞાની નમનિયતા અને વિશાલતા, ઋજુતાને બદલે સ્પષ્ટ શબ્દોમાં, સંક્ષેપમાં બૌદ્ધિક તર્કયુક્ત અભિવ્યક્તિનો કાળ આવ્યો. આધ્યાત્મિક અનુભૂતિઓનાં વિવિધ અર્થાનુસાર દર્શનો રચાવા માંડ્યાં. ભક્તિયોગને પણ સૂત્રાત્મક સ્વરૂપ નારદે અને શાંડિલ્યે આપ્યું. આ બધાંનાં કારણે નિશ્ચિત સામાજિક પ્રણાલિકા, નિશ્ચિત રાજ્યવ્યવસ્થા, સુસ્પષ્ટ વર્ણાશ્રમ વ્યવસ્થા, કર્મઠ યજ્ઞયાગાદિ, નૈતિક કાનૂનો અને ધર્મની નિશ્ચિત વ્યખ્યાઓ આવી.

સમાજ વધારે સુસંઘટીત, પૂર્ણ સંચાલિત બન્યો હતો.

મહાકાવ્યોમાં રામાયણ અને મહાભારતમાં ઉપર જણાવેલી બધી વ્યવસ્થા કાવ્યનાં પાત્રો દ્વારા સતત વ્યક્ત થતી દેખાય છે. જગતનાં અન્ય મહાકાવ્યો, ધાર્મિક રૂઢિ-પરંપરા, દંતકથા અને માન્યતાઓ ઉપર આધાર રાખતા હોય છે, પણ અહીં ઉદાત્ત જીવનને અભિવ્યક્ત કરવા સંઘર્ષ ખેલવા પ્રયત્ન કરતા મહામાનવનું ચરિત્રાલેખન છે જે આદર્શમય છે, પ્રેરણાદાયી છે. ફક્ત મનોરંજનનું સાધન નથી. કાવ્ય કરતાં પણ તે ભારતીય જીવન-આદર્શોની જોરદાર અભિવ્યક્તિરૂપ લાગે છે.

અધ્યાત્મ પ્રેરિત હોવા છતાં તેમાં બળવત્તર શુદ્ધ પ્રાણતત્ત્વનો આવેગ છે, વિજયીભાવ છે. સાધારણ રીતે અધ્યાત્મનો પ્રભાવ બાહ્ય જીવનને શાંત, સૌમ્ય, આવેગરહિત બનાવી દે છે તેવું અહીં નથી.

ભારતીય પરંપરામાં ઈતિહાસ અને પુરાણમાં તફાવત છે. ઈતિહાસમાં વાસ્તવિક ભૂતલે ઘટતી ઘટનાઓનું પ્રાધાન્ય હોય છે. તેમાં સૂક્ષ્મ જીવો, સત્ત્વો, જગતો અને દેવોનું પાર્શ્વભૂમિમાં ચાલતું કાર્ય અવ્યક્ત જ રહે છે. પુરાણોમાં તે પાસાને પણ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવે છે. કોઈપણ ભૌતિક જગતમાંની ઘટના પ્રથમ સૂક્ષ્મ જગતમાં સાકાર થતી હોય છે અને તે વર્ષો પુરાણી ઘટના હોય છે, તેથી જ આવી રીતે સૂક્ષ્મ અને ભૌતિક જગતમાં થતી સુસંગત ઘટનાઓનો ચિતાર આપતા ગ્રંથોને પુરાણો કહે છે. હાલમાં ભૌતિક સ્તરે બનેલી ઘટનાનાં સૂક્ષ્મ બીજો શતકો વર્ષ પહેલાં સૂક્ષ્મ જગતમાં વવાતાં હોય છે. તે પુરાણી ઘટનાનો પણ સંદર્ભ લઈ ઘટનાને સ્પષ્ટ કરતા ગ્રંથો તે પુરાણો. ખરેખર બન્ને ઐતિહાસિક ઘટના જ હોય છે પણ એક ભૌતિક જગતમાંની, બીજી અભૌતિક જગતમાંની. આ સૂક્ષ્મભેદ ઈતિહાસ અને પુરાણોમાંનો છે. રામાયણ અને મહાભારતને આપણે આ અર્થમાં ઐતિહાસિક કહીએ છીએ. ભારતીય સંસ્કૃતિને વ્યક્ત કરતાં તે જાણે સ્મૃતિ-ચિહ્નો છે, તેથી મહાભારતને પાંચમો વેદ ગણ્યો છે. તેમણે ધર્મશાસ્ત્રોનું સ્થાન મેળવ્યું છે. ભારતીયોનું બાયબલ એટલે વેદ, ઉપનિષદો, પુરાણો, સ્મૃતિઓ, તંત્રો અને મહાકાવ્યો ગણાય. તેમાં સામાજિક, નૈતિક, રાજકીય, ધાર્મિક

અને સાંસ્કૃતિક બધાં જ પાસાંઓને આવરી લેવામાં આવ્યાં છે. મહાભારતના લેખક વ્યાસે પૃથ્વી ઉપરના બધા જ વિષયોનો ઉલ્લેખ કરેલ છે અર્થાત્ બધા જ વિષયોનો રસ ચાખ્યો છે, એમ કહેવાય છે (વ્યાસોચ્છિષ્ટં જગત્ સર્વમ્) તે ભારતના આત્માનું મહાકાવ્ય છે. સમગ્ર લોક-માનસનું કાવ્ય છે.

ભારતીય સંસ્કૃતિમાં જીવન-પ્રેરક બધી વસ્તુઓ 'ધર્મ' શબ્દમાં આવી જાય છે. જગતમાં ચાલી રહેલ સત્ય - અસત્યનો સંઘર્ષ એ જ મહાકાવ્યનું રહસ્ય છે. વૈદિક ઋષિઓ તેને દેવાસુર સંગ્રામ કહેતા. વ્યક્તિગત દર્પ, અહંકાર અને સ્વપ્રતિષ્ઠામાં માનનારા એક બાજુ અને માનવતા અને ન્યાયમાં માનનારા બીજી બાજુ; આવા જ બે પક્ષો વચ્ચેનો મહાભારતમાં  સંગ્રામ વર્ણવ્યો છે. મૂળ કથાનક સાથે ઉપાખ્યાન સ્વરૂપે નૈતિક શિક્ષણ અપાય છે. મહાભારતમાંનો ગીતાનો ભાગ એ તો ભારતીય સંસ્કૃતિની સાચી ઉજ્જવળ આધ્યાત્મિક નિષ્ઠાઓ અને પરંપરાઓનો જાણે દસ્તાવેજી પુરાવો છે.

રામાયણ અને મહાભારતની ભાષા શૈલીમાં તફાવત પડે છે. રામાયણ મૃદુભાષી છે, આદર્શવાદી છે અને આત્માનો સહજ સુંદર આવિર્ભાવસ્વરૂપ છે તેથી ઉદ્દાત્ત મૃદુ મધુર ભાવનાઓ જન્માવે છે. જ્યારે મહાભારતમાં આવેગમય ઘસારો છે, કઠોર સંઘર્ષ છે, પૌરુષતા છે, ઉગ્રતા છે, લડાયક વૃત્તિ વધારે પડતી આગળમાં છે.

ભારતીય સાહિત્યમાં ઝીણવટભર્યું વર્ણન હોય છે. યુરોપીય સાહિત્યમાં કૃતિપ્રધાન વર્ણન. તેથી યુરોપીય મનને રામાયણ - મહાભારતનાં વર્ણનોની ઘટના થકવી નાખવાની, કંટાળો લાવવાની શક્યતા છે. પણ લેખકની સૂક્ષ્મદૃષ્ટિ અને અવલોકનના શબ્દોમા સચોટ પ્રયોગોને તો તેમણે પણ દાદ આપવી પડે છે.

યુરોપીયન ટીકાકારો મહાકાવ્યનાં લાંબાલચક વર્ણનની ટીકા સાથે નીચેની પણ ટીકાઓ કરે છે:

૧ મહાકાવ્યનાં બધાં જ પાત્રોના ભાવોમાં સમાન જ અભિવ્યક્તિ હોવાથી તેઓમાં પાત્રોની વિશેષતા અને અતિ-રેખીવ સ્પષ્ટતા નથી. આનો જવાબ એ છે કે તે પાત્રોના બાહ્યવર્તનો સમાન લાગવા છતાં તેઓ કયાં તત્ત્વોને મદદરૂપ થાય છે - સત્ય કે અસત્યને એ જ ભારતીયલોકો માટે મહત્ત્વનું છે. દુર્યોધન અને કર્ણ મહારથી અને રાજકારણી અર્જુન અને યુધિષ્ઠિર જેવા જ હતાં, છતાં તેમનો તદ્દન વિરોધી સ્વભાવ ભારતીયોને ઉપરનાં કારણે સ્પર્શી જાય છે. તેવું જ રાવણ અને રામ બાબતમાં પણ છે. બન્ને પરાક્રમી રાજાઓ હોવા છતાં તેમને લેખક સામસામે મૂકે છે અને તેમનો તફાવત ભારતીય માનસ સમજી શકે છે. એ જ મહાકાવ્યની વિશેષતા છે.

# યોગમાર્ગોનો સમન્વય

- શ્રી અરવિન્દ

**અવતરણો** - (ભૂમિકા - પૃ.૨૨-૩૫)

૧ ત્રણ શક્યતાઓ.... પરસ્પર આધાર રાખનારી છે..... શારીરિક - જીવન, માનસિક હયાતિ, ગુપ્ત આધ્યાત્મિક સત્ય. પૃ.૨૨
ઉત્ક્રાંતિ મુજબ પહેલું તે પછીની શક્યતાનું કારણ છે, જ્યારે આધ્યાત્મિક દૃષ્ટિથી ઊંધી પ્રક્રિયા જણાય છે.
૨ માનવની અસલિયતા છે આત્મ સ્વરૂપ : પૃ.૨૨
૩ જીવનનું ધ્યેય અને જીવન ગાળવાની પદ્ધતિ એ બન્નેનો આધાર આ ત્રણે તત્ત્વોનો એકબીજા ઉપર થતા કાર્ય ઉપર જ હોઈ શકે. પૃ.૨૩
૪ સામાન્ય પ્રકૃતિમાં આ દરેકને પોતાની ખાસિયત છે. પૃ.૨૩
૫ પૂર્ણતા એ મનનું લક્ષ્ય છે પણ..... અમરતા અને પૂર્ણતા એ બન્ને..... આત્મામાં કાયમ માટે વસી રહેલાં છે. પૃ.૨૪
૬ પોતાની ઉત્તમ અને પૂરેપૂરી શક્યતાઓને પોતામાં સિદ્ધ કરવી..... સર્વ રીતે વહેવડાવવી..... એ જ (પરમાત્મા સાથેનો સાચો) સંબંધ છે. પૃ.૨૫
૭ પ્રગતિ એ પણ જો દુનિયાના અસ્તિત્વમાં એક મુખ્ય બાબત હોય અને ભગવાનની ક્રમિક અભિવ્યક્તિ એ પ્રકૃતિનો સાચો અર્થ (ધ્યેય) હોય તો.... મર્યાદિત ખ્યાલ પણ ભૂલભરેલા ઠરે છે. પૃ.૩૧
૮ ભારતવર્ષમાં..... આધ્યાત્મિક અને ભૌતિક જીવન એકબીજાની સાથે ને સાથે રહ્યાં છે. પૃ.૩૨
૯ (ભારતીય યોગમાર્ગોનું સમાધાન) આ કાંઈ સાવ અર્થહીન નહોતું. પૃ.૩૩
૧૦ પ્રકૃતિ જે કરવા માંગે છે તે (જ) યોગ કરી બતાવે છે. પૃ.૩૪
૧૧ જ્યારે આ સિદ્ધ હશે ત્યારે જ પુરાણોએ કહેલો સત્યયુગ (સિદ્ધ થશે) પૃ.૩૫

## ત્રિવિધ જીવન

**સમજૂતી** - માનસિંહ ચાવડા

એક જ સનાતન સત્ય ઉત્ક્રાંતિદ્વારા ક્રમશઃ પોતાની જાતને વધુ ને વધુ પ્રગટ કરી રહ્યું છે. આમાં ત્રણ પગલાં ભરીને પ્રકૃતિએ વિકાસ સાધ્યો છે :

૧ શારીરિક જીવનનો વિકાસ અર્થાત્ ભૌતિક જીવનનો વિકાસ
૨ માનસિક જીવનનો વિકાસ
૩ ગુપ્ત આધ્યાત્મિક જીવનનો વિકાસ

ઉત્ક્રાંતિમાં પ્રથમથી જ પરમ-ચેતના પાર્થિવ-તત્ત્વમાં અવતરણ થાય છે. આ અવતરણની પ્રક્રિયાથી જોઈએ તો ભૌતિક અને માનસિક જીવનનું આધ્યાત્મિક જીવન એ મૂળકારણ બની જાય છે. અવતરણ બાદ ઉત્ક્રાંતિ સ્વરૂપ જે આરોહણ છે તેની દૃષ્ટિએ ભૌતિક જીવન અને માનસિક જીવનના વિકાસના પરિણામરૂપ આધ્યાત્મિક જીવન લાગે છે. જેમ સીડીનું સહુથી ઉપરનું પગથિયું ઉતરતી વખતે પહેલું અને ચડતી વખતે છેલ્લું હોય છે એવો આ દૃષ્ટિકોણ છે. વિશેષતા એ છે કે સીડીમાં પ્રાપ્ત પગથિયું છોડીને જ નવું પગથિયું ભરાય છે, જ્યારે આ ઉત્ક્રાંતિની સીડીમાં પ્રાપ્ત પગથિયાંને સાથે લઈ તેની સાથે નવા પગથિયાનો સુમેળ કરીને વધારે વિશાળ અસ્તિત્વ ધારણ કરીને જ ઉપર જવાય છે.

માનવ પ્રકૃતિના ઉત્ક્રાંતિનું આજનું શિરોબિંદુ છે અને તેની દ્વારા પ્રકૃતિ પૂર્ણ વિકાસ કરી શકે છે. આવા માનવનો ત્રિવિધ જન્મ હોય છે - ભૌતિક જન્મ, પ્રાણમય ઊર્મિપ્રધાન જન્મ અને માનસિક ચિંતનાત્મક જન્મ. પ્રથમ જન્મ તેના વિકાસને આધાર આપે છે. બીજો જન્મ વિકાસની ક્ષમતા અને શક્તિ આપે છે. ત્રીજો જન્મ તે શક્તિદ્વારા આધારને યોગ્ય ઘાટ આપી અને જીવનશક્તિને આધ્યાત્મિક વિકાસલક્ષી કરીને આધ્યાત્મિક જીવન ખીલવે છે. આત્મતત્ત્વ પ્રકાશસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. તે આત્માને લગતી બધી ક્ષમતાઓ જીવનમાં પ્રગટ કરવી એ જ અધ્યાત્મ છે. તે જ આત્મા સાથેનો સંબંધ અને હેતુ છે.

તેથી આ ત્રણે જન્મ અથવા તત્ત્વોનો સમન્વય સાધવો જરૂરી છે. તેમાં અધ્યાત્મિક જીવનને કેન્દ્રમાં રાખી એકરાગ રચવાનો છે.

જીવન અમરતાં ઝંખે છે. પ્રકૃતિની શક્તિઓને યોગ્ય દિશા ન મળે તો તે ત્યાં ને ત્યાં વમળ નિર્માણ કરી પુનરાવર્તન જ કર્યા કરે છે અને તેની દ્વારા ખૂબ જ મંદ પ્રગતિ કરી એક યોનિમાંથી બીજી યોનિમાં વિકાસ સાધે છે. સ્થૂળ-ભૌતિક સનાતનતા અર્થાત્ સ્થાયી અસ્તિત્વ માટે પુનરાવર્તન જરૂરી છે. તે પુનરાવર્તન એટલે જ વંશવૃદ્ધિ. જીવનને અમર બનાવવાનો આ એક મધ્યાંતરનો ઉપાય છે. પ્રાણમય કક્ષાએ સહજવૃત્તિઓ એ સ્થાયી અસ્તિત્વ રચવાનો જ પ્રયત્ન હોય છે. ત્યાં પણ સહજ-વૃત્તિઓનું પુનરાવર્તન જ થતું હોય છે.

મનના વિકાસનું ક્ષેત્ર વિશાળ છે. તેમાં વિશાળ પૂર્ણતા અને સુસંવાદ રચાતો હોય છે. નવાં નવાં ક્ષેત્રોને સુસંવાદમાં ગોઠવી ક્ષેત્રવિસ્તાર કરવામાં આવે છે. પણ વિસ્તાર સાથે સુસંવાદની જટિલતા પણ વધતી જાય છે. પૂર્ણતા એ આત્માનો જ સ્વભાવ છે અને મન તેને જ પોતાની અધૂરી સમજણ પ્રમાણે અનુસરતું હોય છે.

આત્મા પૂર્ણતાને, અમરતાને ઝંખે છે. અમરતા એટલે અખંડ અસ્તિત્વ. પૂર્ણતા એટલે નામ, રૂપની મર્યાદા સ્વીકાર્યા છતાં તેમાંથી મુક્ત રહી પોતાની વિશાળતામાં જ

જીવવાની ક્ષમતા.

જીવનમાં આત્મા વ્યક્તિગત અસ્તિત્વ, અવ્યક્ત વૈશ્વિક અસ્તિત્વ અને પરાત્પર અસ્તિત્વ ને શરૂઆતમાં વિખૂટા પાડી વ્યક્તિગત અસ્તિત્વમાં જ અહંકારમાં જીવતો હોય છે. તે પછી સામુદાયિક એકરૂપતા સાધી વૈશ્વિક અસ્તિત્વની વિશાળતાનાં તબક્કા પ્રાપ્ત કરે છે. અંતે યોગ દ્વારા પરાત્પર-પરમ-અસ્તિત્વને પ્રાપ્ત કરે છે. આ ત્રણે ધ્યેયોનો સમન્વય સાધી શરૂઆતથી જ બધામાં વિકાસ સાધવો એ પૂર્ણયોગનું લક્ષ્ય છે.

પ્રાચીન ધર્મમાં જીવનનાં બધાં જ અંગો અને ક્ષેત્રોને ધાર્મિક-સ્વરૂપ આપી ઉપર મુજબની જરૂરી સુસંવાદિતા રચવાનાં પ્રયત્ન થએલાં છે. મનનાં આદર્શો પણ આવો જ પ્રયત્ન કરે છે. માંડૂક્યોપનિષદ મનની આ પદ્ધતિનો જ ઉલ્લેખ કરે છે. જ્યારે માનવ આ સંવાદ રચવામાં ભૌતિક સ્તરે વિફળ જાય છે ત્યારે આંતરર્મુખ કવિઓ, ગૂઢવાદીઓ, ચિંતકો, તત્ત્વજ્ઞાનીઓ નિર્માણ થાય છે.

માનસિક-વિકાસ માટે તો બાહ્ય વિરોધોને સમતાથી સહન કરી સમન્વયતાત્મક અને રચનાત્મક પ્રવૃત્તિ ચાલુ રાખવામાં આવે તો મનની ક્ષમતાઓ વિકાસ પામે છે. તે વધારે પૂર્ણ જીવન જીવવાલાયક થાય છે. પ્રાચીન એપીક્યુરિયન જેઓ મોજમજામાં જ ચાર્વાકની જેમ માનતા અને સ્ટોઈક જેઓ તિતિક્ષા અને વૈરાગ્યમાં જ માનતા, આ બધાં સમન્વયાત્મક પ્રકાર નથી, એકાંગી પ્રકારો છે. આમ મન વિવિધરૂપે પોતાના આદર્શોમાં રાચતું હોય છે અને શક્ય એટલો આનંદ મેળવતું હોય છે.

મન આદર્શવાદી છે. તે આધ્યાત્મિક સત્યોની થએલી ઝાંખી ઉપરથી મનોમય આદર્શ રચે છે અને માને છે કે તે કાલ્પનિક આદર્શો હજી ભૌતિક રીતે વાસ્તવિક નથી. આધ્યાત્મિક વ્યક્તિને આંતરિક સાક્ષાત્કાર થએલો હોય છે. આત્મતત્ત્વનાં અવ્યક્ત એવા પ્રેમ, સૌંદર્ય, આનંદને તે વિકસાવી ભૌતિક - જીવનની વાસ્તવિકતા બનાવવા માંગે છે, તેથી આદર્શવાદી કરતાં તેમાં શ્રદ્ધા અખૂટ હોય છે. મન પોતાની ક્ષમતાના બળે સંઘર્ષ ખેલે છે. અધ્યાત્મિક વ્યક્તિ પ્રકૃતિનાં અને પ્રભુનાં બળે લડે છે. માંડૂક્યોપનિષદ આવા આધ્યાત્મિક વલણને મહત્ત્વ આપે છે.

આધ્યાત્મિક વ્યક્તિ પ્રથમ પોતાના આંતરિક સત્યને એક નિર્મળ આંતરિક એકાંતમાં એકાગ્રતામાં પોષે છે, તેથી તેના બાહ્ય જીવનમાંની નબળાઈઓ પ્રત્યે તેને જુગુપ્સા જાગી તેમને ત્યાગે છે. પછી ભૌતિક જીવનમાં પણ પેલા સત્યને પ્રગટ કરવા મથે છે. પ્રથમ સત્કર્મો, સેવા, કરુણા દ્વારા. પછી તો દરેક કર્મ અને જીવનનાં દરેક પાસાંને તેની સાથે સુસંવાદમાં રચે છે. આવી રીતે ભૌતિક જીવનનું પણ અધ્યાત્મમાં રૂપાંતર થાય છે.

ભારતમાં તો અધ્યાત્મને ભૌતિક-જીવન સાથે સાંકળી લેવાની પરંપરા પહેલેથી જ છે. વચલા એક તબક્કામાં સામાજિક - જીવન ગૌણ બની વ્યક્તિગત મોક્ષને જ મહત્ત્વ

આપવામાં આવેલું પણ તેનું કારણ એકબાજુ બાહ્ય જીવનમાં જાગેલો તીવ્ર સંગ્રામ હતો તો બીજી બાજુ ભારતીય સાચી પરંપરામાં નિર્માણ થએલી વિકૃતિઓ પણ હતી. આ સમાધાન વ્યવહારુ હતું, કામચલાઉ હતું.

વ્યક્તિ સમાજનો અવિભાજ્ય ભાગ છે અને તેથી તેણે પોતાને મળેલી મુક્તિને અન્યોમાં મુક્ત હસ્તે વહેંચવી જરૂરી છે.

આ બધી ચર્ચાનો સારાંશ નીચે મુજબ છે :

૧ જગતનું મૂળ તત્ત્વ અને શિખર આત્મતત્ત્વ જ છે.

૨ મન, પ્રાણ, શરીર તેના અભિવ્યક્તિનાં સાધનો છે.

૩ આત્મતત્ત્વને ભૌતિક સ્તર સુધી સુસંવાદમાં અભિવ્યક્ત થવું છે.

૪ અભિવ્યક્તિની પદ્ધતિ ઉત્ક્રાંતિ છે.

૫ યોગ દ્વારા આ ઉત્ક્રાંતિને ઝડપી બનાવી શકાય છે.

૬ હાલમાં પ્રકૃતિ અવનવા સંશોધનો દ્વારા જીવનનાં અન્ય સંઘર્ષો ઘટાડવા પ્રયત્ન કરી રહી છે. પ્રથમ પ્રયત્ન વિનાશાત્મક અને બીજો રચનાત્મક કહેવાય છે. પ્રથમ પ્રયત્નમાં જીવનમાંનાં દૃઢ કાળ બાહ્ય બનેલાં ઢાંચાઓને ભાંગી નાંખવામાં આવે છે. બીજા પ્રયત્નમાં નૂતન જીવનને અનુરૂપ ઢાંચાઓ તૈયાર કરવા મથી રહી છે, આ બન્નેને શાસ્ત્રો કલહયુગ, કલિયુગ કહે છે.

૭ બીજા જન્મમાં મનોમય કોષનો પૂરેપૂરો વિકાસ કરીને વિજ્ઞાનમય કોષમાં જન્મ લઈ દ્વિજ થવું એ આજની તાતી જરૂરિયાત છે.

૮ તે માટે પૂર્ણયોગ એક સબળ માધ્યમ છે.

૯ ઉત્ક્રાંતિ નવા અતિમનસ તબક્કામાં, વિજ્ઞાનમય - ચેતનામાં છલાંગ મારવાની તૈયારી કરી રહી છે.

૧૦ આ છલાંગ સાથે જ સત્યયુગ રચાશે જેમાં નવું વિશાળ, સમન્વયાત્મક સત્ય ભૌતિક જીવનદ્વારા પ્રગટ થશે.

---

(પૃ.૩૪ ઉપરથી) **પોંડીચેરીમાંની શ્રી અરવિન્દની સાધનાનું સ્વરૂપ**

અષ્ટસિદ્ધિ ધારણ કરવી અને સહજ સમાધિમાં અહર્નિશ રહેવું એ વિજ્ઞાનમય ચેતના ધારણ કર્યાનાં ચાર લક્ષણો છે. આ બધાંનો ઉપયોગ પ્રભુ આજ્ઞાથી જ અને પ્રભુ કાર્ય માટે જ કરવાનો હોય છે.

**૭ શરીર ચતુષ્ટયમ્ - આરોગ્યમુત્થાપના સૌંદર્ય વિવિધાનંદ ઈતિ શરીર ચતુષ્ટયમ્**

આરોગ્ય, શરીરની બધી જ મર્યાદાઓમાંથી મુક્તિ, શરીદ્વારા સુંદરતા પ્રગટ થવી અને બધી ઈન્દ્રિયોમાં દિવ્ય આનંદને સ્થિર કરવો એ દિવ્ય - શરીર બનવાનાં ચાર લક્ષણો છે.

શ્રી અરવિન્દની આ સાધના સ્વરૂપનો આપણી સાધનામાં ઉપયોગ કરી લેવો એ જ તેમના પોંડીચેરી આગમન શતાબ્દીની સાચી પૂર્ણાહતિ ગણાશે.

# અરવિન્દોપનિષદ

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## બધું જ સત્-ચિત્ - આનંદસ્વરૂપ છે.

પ્રકરણ - ૨૪

**કો દુર્બલો ભવિતુ શક્નુયાત્ । ય સર્વ-શક્તિમાન્ સ એવ શક્નુયાત્ । દુર્બલો હિ આક્રાંતો દુર્બલત્વેન ન તિષ્ઠેત્ । શક્તિં વિના પ્રણશ્યેત્ ।**

**કો અજ્ઞાનં પ્રવેષ્ટું સમર્થઃ । યઃ સર્વ-જ્ઞાનમયઃ સ એવ સમર્થઃ । અજ્ઞસ્તુ તસ્મિન્તિમિરે ન ધ્રિયતે । અસત્ તુ અસત્ એવ ભવેત્ । જ્ઞાનં વિના પ્રણશ્યેત્ । જ્ઞાનસ્ય ક્રીડા અજ્ઞાનં । સ્વસ્મિન્ આત્મગોપનશક્તિૈઃ ક્રીડા દૌર્બલ્યં । નિરાનંદ આનંદસ્ય ક્રીડા । આત્મગોપનં સ્વાત્મનિ ।**

દુર્બળ અથવા શક્તિહીન બનવા માટે પણ તેવી ક્ષમતાની જરૂર છે, તેવી શક્તિની જરૂર છે. જે સર્વશક્તિમાન છે તે જ ધારે તો દુર્બળ બની શકે કારણ તેને બધું જ શક્ય છે. જે સંપૂર્ણ દુર્બલતાથી ગ્રસ્ત છે તો તે અસ્તિત્વ જ ધરાવી શકતો નથી, કારણ અસ્તિત્વ ધરાવવાની શક્તિ તેમાં હોય તો તે સંપૂર્ણ રીતે દુર્બળ નથી એમ જ કહેવું પડે. તદ્દન શક્તિ વિનાનો તો પોતે જ નાશ પામે છે.

અજ્ઞાનના તિમિરમાં કોણ પ્રવેશી શકે ? જે સમર્થ હોય તે જ ને ? જે સર્વજ્ઞ છે તે જ તેમાં પ્રવેશવા સમર્થ થાય ને ? જેને અજ્ઞાનમાં પ્રવેશવાનું જ્ઞાન નથી, તે તો અજ્ઞાનમાં પ્રવેશતાં જ ગુંગળાઈ મરે.

તેવી જ રીતે આનંદનો અભાવ એ પણ સમર્થ આનંદની જ રમત છે. તે જ ત્યાં અવ્યક્ત રહે છે. તે પોતામાં જ ગુપ્ત રહેવાથી આપણને આનંદનો અનુભવ થતો નથી.

પ્રભુ જે પોતે સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે તેણે અનંતરૂપે પ્રગટ થવાનો સંકલ્પ કરેલો છે. પ્રભુ તો સત્ય સંકલ્પ છે તેથી તેનો સંકલ્પ સિદ્ધ થાય જ. હવે તે તો એક જ છે અને વળી સત્-ચિત્-આનંદસ્વરૂપે પ્રગટ છે. હાજરાહજૂર ! અને તેને તો અનંત વિવિધરૂપે પ્રગટ થવું છે તેથી તેને બે વસ્તુઓને છુપાવવાની જરૂરિયાત ઊભી થઈ.

૧ પોતે એક જ અને અખંડ છે એ સ્થિતિ.

૨ પોતે સત્-ચિત્-આનંદ સ્વરૂપે હશે તો વિવિધતા ક્યાંથી આવશે ?

તેથી પ્રભુએ પોતાની એકતાને પોતે જ છુપાવી રાખી અને અનેકતા ઊભી કરી. પોતાની સત્-ચિત્-આનંદની અવસ્થાને પોતે જ છુપાવી સત્નાં, ચિત્નાં, આનંદનાં વધતા ઓછા પ્રમાણો અથવા તદ્દન અભાવો નિર્માણ કર્યા. આમ સત્માંથી અસત્, ચિત્માંથી અચિત્, આનંદમાંથી નિરાનંદ અથવા દુઃખ નિર્માણ થયાં તેમ જ એકમાંથી અનેકતા રચી.

આ કેવી રીતે પ્રભુએ કરી બતાડ્યું તે અહીં શ્રી અરવિન્દ સમજાવવા માંગે છે.

પ્રભુ પોતે સર્વ સમર્થ છે પણ તેણે તે છુપાવી રાખી, તેથી દુર્બળતા નિર્માણ થઈ. અનંતરૂપોમાં દુર્બળ રૂપ પણ આવી જ જાય છે. દુર્બળ રૂપ કાંઈ અનંત રૂપોની બહારનું વધારાનું રૂપ તો નથી જ. પ્રભુ પોતે સર્વ સમર્થ છે તો શું તે દુર્બળનું રૂપ ધારણ કરવાનું સામર્થ્ય નહીં રાખતો હોય ? જે સર્વશક્તિમાન નથી તે કદાચ દુર્બળનું રૂપ ન પણ ધારણ કરી શકે. પણ સર્વશક્તિમાનનો અર્થ જ છે કોઈપણ રૂપ ધારણ કરવાની ક્ષમતા.

જે ખરેખર બધી જ રીતે સંપૂર્ણપણે દુર્બળ છે તેનો અર્થ તેમાં કોઈ પણ રૂપ ધારણ કરવાની ક્ષમતા જ નથી. જો તેમાં દુર્બળ બનવાની ક્ષમતા છે એમ માનીએ તો ક્ષમતા હોવી એ શક્તિ હોવાનો પુરાવો છે. તો તેમાં શક્તિ છે જ. પછી તે ભલે થોડી ઘણી હોય ને ! બીજું, દુર્બળને પણ અસ્તિત્વ તો હોય જ છે. આનો અર્થ તેમાં અસ્તિત્વ ધરાવવાની ક્ષમતા તો છે જ. તો પછી તેમાં પણ શક્તિ તો છે જ. તેથી તે પૂરેપૂરો દુર્બળ નથી જ.

સારાંશ જ્યાં અસ્તિત્વ છે, સત્ છે, ત્યાં શક્તિ રહેલી જ છે. શક્તિ કદાચ અવ્યક્ત હશે પણ હશે ખરી જ. જ્યાં શક્તિ હશે ત્યાં શક્તિને ધારણ કરનાર શક્તિમાન હોય જ. જેમ પ્રકાશ હોય તો ત્યાં અગ્નિ હોવો જ જોઈએ, કારણ અગ્નિ પ્રકાશને ધારણ કરનાર છે તેથી શક્તિ ત્યાં જ હશે. જ્યાં ચેતના હશે, ચિત્ હશે. તેથી જ્યાં સત્ છે ત્યાં શક્તિ છે. જ્યાં શક્તિ છે ત્યાં ચિત્ છે. તેનો અર્થ જ્યાં સત્ છે ત્યાં ચિત્ હોય જ.

હવે જે સર્વસમર્થ હોય છે તે જ બધું કામ કરી શકે છે. અજ્ઞાનમાં પ્રવેશવું એ તો

સહુથી વધારે કપરું કામ છે તો અજ્ઞાનમાં કોણ પ્રવેશી શકે ? જે સર્વજ્ઞ છે તે જ પ્રવેશી શકે. સર્વજ્ઞ બધું જ જાણે છે, તેથી અજ્ઞાનમાં કેમ પ્રવેશવું એ જેને ખબર જ નથી તે જો અજ્ઞાનમાં પ્રવેશે તો ગુંગળાઈ જ મરે ને. જેને પાણીમાં પ્રવેશતા જ આવડતું નથી તે પાણીમાં પ્રવેશે તો ડૂબીને મરી જ જાય ને ! સારાંશ જ્યાં અસ્તિત્વ છે ત્યાં શક્તિ છે જ. શક્તિ છે ત્યાં ચેતના છે જ. ચિત્ તત્ત્વ છે ત્યાં જ્ઞાન છે જ. જો કોઈ વસ્તુને અસ્તિત્વમાં આવવાની ક્ષમતા જ ન હોય તો તે કદી અસ્તિત્વમાં આવી જ શકવાનો નથી. અસત્ અસત્ જ રહેવાનું છે. ત્યાં અસ્તિત્વ ન હોવાથી ત્યાં શક્તિ નથી, શક્તિ નથી એટલે ચેતના નથી. ચિત્ નથી ત્યાં જ્ઞાન નથી. જ્ઞાન વિના ટકવું કેમ એ જ ન સમજાવાથી તે નાશ જ પામશે એ નિશ્ચિત છે.

આવી રીતે જે જે અસ્તિત્વમાં છે ત્યાં શક્તિ છે, ચેતના છે, અને જ્ઞાન પણ છે. હવે પ્રશ્ન ઊભો થાય છે કે જો બધું જ સચેત છે અને જ્ઞાન ધરાવે છે તો અજ્ઞાન આવ્યું ક્યાંથી ?

શ્રી અરવિન્દ જણાવે છે કે જ્ઞાનમાં પોતાને અવ્યક્ત રાખવાનું પણ જ્ઞાન આવી જાય છે, તેથી જ્યારે જ્ઞાન ઇચ્છે છે કે તેણે પોતે અવ્યક્ત રહેવું છે કે તરત તે અવ્યક્ત બની જાય છે. આવું અવ્યક્ત જ્ઞાન જ આપણને અજ્ઞાન તરીકે અનુભવાય છે. જ્ઞાન પોતાને છુપાવી રાખે એ જ અજ્ઞાન છે. હવે જ્ઞાન પોતે પોતાને વ્યક્ત કરી શકતું નથી. અસમર્થ છે એવું નથી પણ તે તેની રમત છે. તેની લીલા છે. રમત ખાતર તે સહજ રીતે અવ્યક્ત રહે છે. તે તેની વ્યક્ત થવાની અક્ષમતા નથી. તે તો પોતાને વ્યક્ત કરવા સર્વ સમર્થ છે.

હવે જેમ અવ્યક્ત જ્ઞાન એટલે અજ્ઞાન તેમ અવ્યક્ત આનંદ જ આનંદનો અભાવ, દુઃખ તરીકે અનુભવાય છે. આનંદ પણ સર્વસમર્થ છે. તે રમત ખાતર જ, લીલા માટે જ, અવ્યક્ત પણ રહે છે.

આમ જગતમાં જેટલાં પણ સૂક્ષ્મ અને સ્થૂળ, પ્રગટ અને અપ્રગટ અસ્તિત્વનાં સ્તરો છે તે બધાં જ સત્ પણ છે. સત્ છે તેથી ચિત્ પણ છે અને ચિત્ છે તેથી આનંદમય પણ છે. તફાવત એટલો જ કે તે પોતાને ઓછા-વધતા ક્રમે વ્યક્ત અથવા અવ્યક્ત રાખી રહ્યાં છે અને તેનું કારણ પરમ-પ્રભુનો તેવો સંકલ્પ છે. અનંતરૂપે પ્રગટ થવા જે વિવિધતા રચવી પડે છે તે માટે જ આ સત્-ચિત્-આનંદ તત્ત્વે પોતાને વ્યક્ત, અવ્યક્ત રાખવાની રમત આદરી છે.

# પોંડીચેરીમાંની શ્રી અરવિન્દની સાધનાનું સ્વરૂપ

(પોંડીચેરી આગમન શતાબ્દીની પૂર્ણાહુતિ નિમિત્તે)

(Records on Yoga ના આધારે)

તા.૪ એપ્રિલ ૧૯૧૦ના રોજ શ્રી અરવિન્દ પોંડીચેરી પ્રભુના આદેશથી પધાર્યા. ત્યાં તેમને યોગેશ્વર કૃષ્ણે સપ્ત - ચતુષ્ટયની સાધના આપી.

સપ્ત ચતુષ્ટય એટલે ચાર ચાર દૈવી-ગુણોનાં સાત સમૂહો. તે સમૂહનાં નામ છે - યોગ, બ્રહ્મ, કર્મ, શાંતિ વિજ્ઞાન અને શરીર. આ પૈકી પ્રથમ છમાં દિવ્ય-શરીર દ્વારા પ્રગટ ચાર પ્રમુખ દિવ્ય-ગુણો જે તે વિષય બાબતના પ્રગટ થાય છે તેનો ઉલ્લેખ કરેલો છે. શરીર દિવ્ય થતાં દિવ્ય-પાર્થિવતત્ત્વનાં ચાર દૈવી-ગુણોનો ઉલ્લેખ છેલ્લા શરીર-ચતુષ્ટયમાં છે.

**૧ યોગ-ચતુષ્ટય - શુદ્ધિ મુક્તિ ર્ભુક્તિઃ સિદ્ધિરિતિ યોગ ચતુષ્ટયમ્।**

પોતાના સ્વરૂપની શુદ્ધિ, મુક્તિ, ભુક્તિ અને સિદ્ધિ એ ચાર પાસાં સાચામાર્ગે ચાલી રહ્યાં છે તેનાં ચાર લક્ષણો છે. આપણી પ્રકૃતિ પ્રભુના સંકલ્પ અનુસાર જ વિકાસ પામે (સ્વધર્મ, નિયતં કર્મ) તે શુદ્ધિ છે. આત્મતત્ત્વના પ્રગટીકરણમાં અવરોધક તત્ત્વોમાંથી છુટકારો એ મુક્તિ છે. જીવનમાંનાં સર્વ સુખદુઃખોને પ્રસન્નચિત્તે ભોગવવા એ ભુક્તિ છે. શુદ્ધિ, મુક્તિ, ભુક્તિની અવસ્થા સહજ સ્વભાવ બની જાય એ સિદ્ધિ છે.

**૨ બ્રહ્મ ચતુષ્ટયમ્ - સર્વમનંતંજ્ઞાનમાનંદં બ્રહ્મેતિ બ્રહ્મ ચતુષ્ટયમ્.**

સર્વભાવ, અનંતભાવ, વિજ્ઞાનભાવ અને આનંદભાવની ચેતનામાં રહેવું એ સર્વવ્યાપી ચેતના ધારણ કરવાનાં ચાર લક્ષણો છે. બધાં જ નામરૂપ પરમ-ચેતનાનાં આકારમાત્ર છે એવો ભાવ ધારણ કરવો એ સર્વભાવ છે. અસીમ નિરાકારતાનો ભાવ એ અનંતભાવ છે. પ્રજ્ઞા દ્વારા આંતરપ્રેરણાથી જ્ઞાન મેળવવું એ જ્ઞાનભાવ છે. અહર્નિશ આંતરિક પ્રસન્નતા એ આનંદભાવ છે. બ્રહ્મ ચેતના પ્રાપ્ત કર્યાનાં આ ચાર લક્ષણો છે.

**૩ કર્મચતુષ્ટયમ્ - કૃષ્ણઃ કાલીકામઃ કર્મેતિ કર્મ ચતુષ્ટયમ્**

કૃષ્ણની જેમ, કાલીની જેમ, કામદેવની જેમ અને નૈષ્કર્મ્યભાવથી કર્મ કરવું એ દિવ્ય કર્મ કરવાના ચાર લક્ષણો છે. આંતરિક આત્માનંદ પ્રગટ કરવા કર્મ કરવાં (કૃષ્ણ) પ્રભુના કાર્યને ઉત્તુંગતાએ લઈ જવા વીરભાવથી દિવ્યયોદ્ધા તરીકે કર્મ કરવા (કાલી) લોકોને પ્રભુકાર્યમાં જોડાવા આકર્ષિત કરી સામુહિક કાર્ય કરવા (કામદેવ) અને પ્રભુ જ મારી મારફત દિવ્ય-કર્મ કરી રહ્યાં છે એવા નિમિત્તભાવથી કર્મ કરવા (દિવ્યકર્મ) આ સાચા દિવ્યકર્મનાં ચાર લક્ષણો છે.

**૪ શાંતિ ચતુષ્ટયમ્ - સમતા શાંતિ સુખ હાસ્યમિતિ શાંતિ ચતુષ્ટયમ્**

સમતા, શાંતિ, સુખ અને હાસ્યનાં લક્ષણો કાયમી સ્થિર થાય ત્યારે દિવ્ય-શાંતિ સ્થિર

થઈ એમ કહેવાય. પ્રભુ પ્રત્યેના સમર્પણભાવથી નિર્લેપ અને સહનશીલ બનવું એ સમતાનાં બાહ્ય લક્ષણો છે. જ્યારે જીવનની દરેક ઘટના પ્રભુ ઇચ્છાથી થઈ એવું માની માણવી (રસ), પ્રભુની બધી જ લીલામાં પ્રીતિ રાખવી (પ્રીતિ), અને લીલા દ્વારા પ્રભુની બધી જ અભિવ્યક્તિઓને માણવી (આનંદ); એ સમતાનાં આંતરિક લક્ષણો છે. આ બધાં આંતરિક અને બાહ્ય ભાવો ઠેઠ શારીરિક કોષો સુધી મન, પ્રાણ, શરીરમાં વિસ્તરે એ શાંતિ છે. અવસ્થતા, તાણ, વિષાદમાંથી મુક્તિ એ સુખ છે. જીવનને એક આનંદમય ઉત્સવ બનાવી દેવું એ 'હાસ્ય' છે. કારણ તેમાં મુશ્કેલીઓ સામે વિજયી હાસ્ય પ્રગટ થાય છે.

**૫ શક્તિચાતુષ્ટયમ્ - વીર્ય શક્તિ ચંડીભાવ શ્રદ્ધેતિ શક્તિ ચતુષ્ટયમ્**

વીર્યભાવ, શક્તિભાવ, ચંડીભાવ અને શ્રદ્ધાભાવ એ દિવ્ય-શક્તિના અભિવ્યક્તિનાં ચાર લક્ષણો છે. પોતાની પ્રકૃતિની દિવ્ય વિશેષતાને જ સહજ રીતે પ્રગટ કરવાની ક્ષમતા એ વીર્ય ભાવ છે. ચાતુર્વણ્ય વ્યવસ્થાનો આ મૂળ સિદ્ધાંત છે. પોતાની આવી જન્મજાત ક્ષમતાને તત્કાળ, વારંવાર, આત્મવિશ્વાસથી અને કુશળતાપૂર્વક પ્રગટ કરવી એ 'ક્ષમતાની શક્તિ' છે. તે શક્તિનાં વળી દેહશક્તિ, પ્રાણશક્તિ, ચિત્તશક્તિ અને બુદ્ધિશક્તિ એવા ચાર તત્ત્વોનાં ચાર શક્તિ પ્રકારો છે. આ શરીર દ્વારા પ્રભુ મળશે જ એવો વિશ્વાસ, નિરોગીતાનો ભાવ, પ્રભુલીલાનો આધાર બનવાની શરીરની ક્ષમતા અને શરીરદ્વારા પણ પ્રભુને પ્રગટ થવું છે એવા ભાવો એ દેહશક્તિનાં લક્ષણો છે. પૂર્ણતા, પ્રસન્નતા, સમતા અને ભોગ-સામર્થ્ય આ દિવ્ય પ્રાણશક્તિનાં લક્ષણો છે. સંવાદિતા, અન્ય વિષે દિવ્યભાવો, જીવનને દિવ્ય બનાવવાની અભીપ્સા, સર્વત્ર પ્રભુ - દર્શન આ દિવ્ય-ચિત્ત શક્તિનાં ચાર લક્ષણો છે. બુદ્ધિનો ઉપયોગ યોગ માટે જ કરવાનો નિર્ણય, બુદ્ધિની, આધ્યાત્મિક સમજણ, બધી ઇન્દ્રિયોનો સર્વાંગી વિકાસમાં બુદ્ધિનું પ્રયોજન અને મેળવેલ જ્ઞાનને જીવનમાં ઉતારવાની બુદ્ધિની ક્ષમતા આ દિવ્ય બુદ્ધિનાં ચાર લક્ષણો છે. આવી રીતે દેહ, પ્રાણ, ચિત્ત અને બુદ્ધિને દિવ્ય બનાવવાં માટે શક્તિનો ઉપયોગ એ શકિતની ઉપાસના છે (બીજું લક્ષણ છે) શૂરતા, નીડરતા, સ્મિત સાથેનાં આત્મવિશ્વાસથી યોગ કરવો એ ચંડીભાવ ત્રીજું લક્ષણ છે. શંકારહિત વિશ્વાસ સાથે મા ભગવતીનાં શરણે જવું એવી 'શ્રદ્ધા' એ ચોથું લક્ષણ છે.

**૬ વિજ્ઞાન ચતુષ્ટયમ્ - જ્ઞાન ત્રિકાલદૃષ્ટિરૂષ્ટસિદ્ધિ, સમાધિરિતિ વિજ્ઞાન-ચતુષ્ટયમ્**

આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવું, ત્રિકાળજ્ઞાન મેળવવું, પ્રભુની પ્રસાદી તરીકે

(પૃ.૨૯ ઉપર)

# રાષ્ટ્રીય શિક્ષણ

- શ્રી અરવિન્દ

## 'ભારતીય-રાષ્ટ્રીય પ્રણાલી સામે પડકાર'

અવતરણો

(રાષ્ટ્રીય કેળવણી - શ્રી અરવિંદ (પૃ.૧-૮) **પ્રકરણ - ૧૩**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**૧ (અતિમનસ શક્તિ) આ શક્તિ માનવજાતિમાં ગુપ્તપણે રહેલી છે અને હવે તેને વિકસાવવાની છે. એ બુદ્ધિ અને કલ્પનાથી ઉપર રહેલી છે. પૃ.૧**

**૨ એ શક્તિનો પરિચય હિંદના પ્રાચીન ઋષિમુનિઓએ યોગશાસ્ત્ર દ્વારા જે સાધના તૈયાર કરેલી છે તે વિના મેળવી શકાય તેમ નથી. પૃ.૨**

**૩ હિંદની આખીયે પ્રજા ભાવિના કાર્યને માટે લાયક થાય તે માટે તેને (તે શક્તિને સમર્પિત થવાના) ભાવથી ભરી દેવાની રહે છે. પૃ.૪**

**૪ આપણી સંસ્કૃતિ માટે એક નવા હૃદયની..... એક નવા ચિત્તની..... તે માટે પૂરતા જ્ઞાનની પણ જરૂર છે. પૃ.૫**

**૫ હિંદની વિચારધારા અને સંસ્કૃતિના વિષયને જ્ઞાનના પ્રદેશમાં સમાવેશ કરવામાં આવે તેટલા માત્રથી કેળવણીની પદ્ધતિ..... ભારતીય બની જતી નથી. પૃ.૭**

**૬ આપણે તો આપણા પ્રાચીન અને વધારે બળવાન હિંદની જે ભાવના, આદર્શો અને પદ્ધતિઓ હતાં તેમને હજી પણ વધારે અસરકારક રૂપમાં ફરી લઈ આવવાનાં છે અને તેમને એક વધુ અર્વાચીન રીતે સંઘઠિત કરવાનાં છે. પૃ.૭**

**૭ હિંદની પાસે એક એવી મહાન અને અજોડ સાધનાપદ્ધતિ હતી કે જે દ્વારા માનવના આત્માને અને મનને સંપૂર્ણ પ્રકારે વિકસાવી શકાતાં હતાં.**

ભારતીય દર્શનમાં અખિલબ્રહ્માંડમાં એક જ ચેતના સર્વવ્યાપી થઈને રહેલી છે એવી આર્ય-ઋષિઓની અનુભવસિદ્ધ વસ્તુ માન્ય રખાઈ છે. તે ચેતનાએ જ સમગ્ર જગતનાં અવનવાં રૂપો ધારણ કરેલાં છે અને તેમ કરવા માટે તેણે પોતાનાની જ ચેતનાના વિવિધ એકથી એક શ્રેષ્ઠ સ્તરો રચ્યાં છે.

શિક્ષણ એટલે જે ચેતનાના સ્તરે હાલમાં વ્યક્તિ રહે છે તેથી ઊર્ધ્વ સ્તરમાં પ્રવેશવા માટે અપાતી જરૂરી તાલિમ. શિક્ષણ પણ સાધનાનો જ ભાગ છે. હાલમાં માનવનો ઉચ્ચતર સ્તર છે બુદ્ધિ, તે મનનો ભાગ જ વ્યવહારમાં ગણાય છે, તેથી તેની ઉપરની

ચેતના એ જ અતિમનસ ચેતના. તેનું લક્ષણ છે કે તે સમગ્ર અને સંપૂર્ણજ્ઞાન ધરાવે છે, તેથી વેદોમાં તેને વિજ્ઞાનમય ચેતના અથવા પ્રજ્ઞા કહે છે. હવે તેને શિક્ષણ દ્વારા વિકસાવવાનો તબક્કો શરૂ થયો છે.

તે માટે આપણે ફરી અનિવાર્ય રીતે આપણા આર્ય-ઋષિઓએ તે માટે કરેલી સાધનાને સમજવી પડશે અને તેને આધુનિક ઢાળમાં ઢાળીને આજના સમયાનુસાર અનુકૂળ બનાવવી પડશે.

ભારતે પૃથ્વીની ઉત્ક્રાંતિમાં અન્ય રાષ્ટ્રોની જેમ જ ભાગ ભજવવાનો છે. તેને ભાગે આવેલો ભાગ છે આધ્યાત્મિક શિક્ષણનો પ્રસાર અને સમજણ બધાંને આપવી. તેથી આ અતિમનસ ચેતનાનો સાક્ષાત્કાર કરીને તેને કેવી રીતે પ્રાપ્ત કરવી તે માટે ભારતીય લોકોએ પોતે જાત અનુભવથી નવો સાધના પ્રકાર વિકસાવવો જરૂરી છે. આ કાર્યને વ્યાપક અને સુગમ કરવા તેને અનુરૂપ રાષ્ટ્રીય-શિક્ષણ પદ્ધતિ વિકસાવવી એ તેની પ્રાથમિક અને તત્કાલીન ગરજ છે.

આપણી સંસ્કૃતિનાં મૂળ તત્ત્વો પ્રથમ તો સમજી લેવાની જરૂર છે. અને તે તત્ત્વો અર્વાચીન સમાજમાં કેવી રીતે પ્રસ્થાપિત કરતા આવશે તે માટે નૂતન અભિગમ ભારતીય માણસે સ્વીકારવાનો રહેશે. તેણે પુરાતન સાધનાપ્રથાઓને મૂળ સ્વરૂપે જ સમજાવવાનો આગ્રહ જતો કરવો પડશે. આને જ શ્રી અરવિન્દ કહે છે ભારતનું નવું હૃદય અથવા નવું ચિત્ત.

ભારતીય શિક્ષણ પ્રણાલીમાં એક વિષય તરીકે ભારતીય સંસ્કૃતિને અને તત્ત્વજ્ઞાનને સ્થાન આપવાથી આ કાર્ય થવાની શક્યતા નથી. તે તો પ્રાચીનશાસ્ત્રોની વિગતો રૂપે મૃતપ્રાય જ રહેવાનો છે. તેથી સાચી ભારતીયતા પ્રગટ થવાની શક્યતા નથી.

આપણે ભારતીય સંસ્કૃતિના આદર્શોને હૃદયથી સ્વીકારીને તેને આજના નવા દિલોદિમાગના માનવના હૃદયમાં કેવી રીતે સ્થાન આપવું તેનો વિચાર કરીને નવો ઢાળ નિર્માણ કરવાનો રહેશે.

હિંદ પાસે આ માટે જે પ્રાચીન શિક્ષણ પદ્ધતિ હતી તેના આદર્શોને સમજીને અને આર્ય ઋષિઓની ગંભીર સાધના પદ્ધતિઓની વિવિધતાને જાણીને જ નવો ઢાળ આપવાનો રહેશે. તે માટે નવા વિચારો, નવી કલ્પનાઓ, નવા આદર્શોની પ્રેરણાઓ પેલી પુરાતન સાધના પદ્ધતિના સાર લઈને તેના ઉપર આધાર રાખીને નિર્માણ કરવાનાં રહેશે.

ભારતીય રાષ્ટ્રીય - કેળવણીના આ નવા ઉદ્દેશો અને નવા પડકારો છે.

# સુંદર કથાઓ

- માતાજી

**સમજૂતી** - માનસિંહ ચાવડા

## વરુ - ભગત

(પેજ - ૮૪-૮૫)

ગંગાનો કિનારો. બન્ને કિનારે ઊંચા ખડકો. તેમાં રહે એક વરુ. મજામાં રહે. પછી આવ્યો ઉનાળો, હિયાલયના બરફ ઓગળ્યાં. ગંગા નદીને આવ્યું પૂર. વરુ રહે તે ખડકની ચારે કોર પાણી જ પાણી. વરુની માઠી બેસી. શિકાર કરવા બહાર ક્યાંય જવાય નહિં. ભૂખ્યા રહેવાનો વારો આયો.

શિવરાત્રી આવી. વરુ ભૂખ્યું હતું. પોતે પોતાને સમજાવે. આજે તો મહા પુણ્યશાળી પર્વ. આજે ઉપવાસ કરે તે સ્વર્ગે જાય. હું તેના માટે ઉપવાસ કરીશ. તે આવીને ખડકની ટોચ ઉપર બેઠું, કહેઃ ''હું જપ કરીશ''.

ત્યાં પૂરમાં તણાતું એક બકરું આવ્યું અને તે બરાબર આ ખડક ઉપર પોતાને બચાવવા ચડ્યું.

વરુ બોલ્યું, ''ભગવાન, તું કેવો દયાળુ છે. આ ભક્તની ભોજનની વ્યવસ્થા પણ તેં કરી દીધી.''

તે ઊભું થયું. તરાપ મારી બકરાને પકડવા ગયું પણ નિશાન ચૂક્યું. ફરી બીજી તરાપ, પણ બકરું તો જીવ બચાવવા આમ ને તેમ ઠેકડા મારે, તેથી ફરી નિશાન ચૂક્યું. બકરું તો મરણીયું થઈ ફરી પાણીમાં કૂદી પડ્યું. વરુની હિંમત ન ચાલી.

વરુ બોલ્યું, ''ભગવાન તે મને મહા પાપમાંથી બચાવી લીધો.''

શું આવા દિખાવી ધાર્મિક અને સારા આપણે બનવું જોઈએ ?

# આગામી - ભાવિ

(શ્રી અરવિંદ સોસાયટીના ઈ-મેગેઝીન માર્ચનાં ૨૦૧૦ના Next Futureનો સાર - સાભાર)

## નિયતિ ને જીવવાની કલા

દરેક વસ્તુ યોગ્ય સમયે જ સાકાર થાય છે. આ સત્ય વારંવાર બધાં જ જણાવે છે છતાં તેનો ગૂઢ અર્થથી તેઓ અજાણ હોય છે. તે સત્યને જીવનમાં ઉતારતા જ જીવન સુસહ્ય અને ઉદ્વેગ વગરનું બની જાય છે. તે સત્ય બાબતની સભાનતાને કારણે આપણે પ્રવાહ વિરુદ્ધ ન તરતાં પ્રવાહ સાથે તરવાની કળા પ્રાપ્ત કરી લેશું. અને આપણે હૈયાધારણ રહેશે કે યોગ્ય સમયે આપણે કિનારે પહોંચી જશું. પણ તે માટે દરેક વિચાર કે કાર્ય પહેલા પોતાની સભાન તૈયારી અને સભાન અભીપ્સા સેવતા શીખવું પડશે.

આપણા જીવનની દરેક ઘટનાની પોતાની નિયતિ છે એનો અર્થ કે તેને સંચાલન કરનાર આપણી જીવનની સાચી જરૂરિયાત જાણે છે. તેની કોઠાસૂઝ ઉપર સો એ સો ટકા વિશ્વાસ રાખી તેના ઉપર જ નિર્ભય રહેવું એ જ સર્વોત્તમ માર્ગ છે.

એ જાણવું કે તેની ઈચ્છા વગર પાંદડું પણ હલતું નથી, હૃદય પણ ધબકતું નથી અને શ્વાસ પણ ચાલતો નથી; તો સમજણનો પ્રકાશ આપણા હૃદયમાં પ્રવેશવો શક્ય જ નથી. દરેક વસ્તુને પોતાની નિયતિ છે. આપણા હાથમાં એક જ વસ્તુ છે. અભીપ્સા કરવી. પ્રાર્થના કરવી કે ઘટનાનો અંતિમ ભાગ હવે પ્રગટ થાય. જે ક્ષણ જેવી રીતે જીવવા માટે નિર્માયો છે તે રીતે તે જીવાય, તે ક્ષણમાંથી જે શીખવું જરૂરી છે. તે શીખાય અને આગળ વધાય. જીવનના દરેક ક્ષણ માટે આપણે કૃતજ્ઞતા ધારણ કરીએ.

# ઉપનિષદોનું અમૃત

- માનસિંહ ચાવડા

## સમગ્ર બ્રહ્મતત્ત્વની સાધના

પ્રકરણ -૧૬ (બ્રહ્મદારણ્યક ૨-૧))

ગાર્ગ્ય બાલાકિ ગાર્ગીના વંશનો. તેનું નામ બાલાકિ. ગાર્ગીએ યાજ્ઞવલ્કય સાથે બ્રહ્મજ્ઞાનની ચર્ચા કરેલી, તેથી ગર્ગઋષિનો વંશ પ્રસિદ્ધ હતો. (તેમની પુત્રી ગાર્ગીને કારણે) અને તેના વંશજો તેનું અભિમાન રાખતા. બાલાકિને પણ પોતાના વંશનો ગર્વ હતો. તેને પણ પોતાના કુળની જેમ બ્રહ્મજ્ઞાની તરીકે પ્રસિદ્ધ થવાની ખેવના હતી.

તે કાશીરાજ અજાતશત્રુ પાસે પહોંચી ગયો. અજાતશત્રુ પોતે શાસ્ત્રના જાણકાર અને સારા ઉપાસક હતા.

''હે અજાતશત્રુ, હું તમને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવા આવ્યો છું. આપના ભાગ્ય ખુલી ગયા છે.''

''ભગવન્ પધારો, હું ખરેખર ભાગ્યવાન છું, કારણ સદ્ભાગ્યથી આપ સામેથી ઉપદેશ આપવા આવ્યા છો. હું આપને હજાર ગાયો દક્ષિણામાં આપીશ. આપ મને બ્રહ્મજ્ઞાન આપો''.

''રાજન્, આત્માને સૂર્ય કહેવાય છે. સૂર્યના પ્રકાશને સર્વવ્યાપી આત્માસ્વરૂપે ભાવ રાખી તેની સાથે એકરૂપ થવાની સાધનાથી તમને સત્-પાસાનો બ્રહ્મ સાક્ષાત્કાર થશે. આપ તેની ઉપાસનાની શરૂઆત કરો.''

''ભગવન્ તેની પ્રકાશની ઉપાસના તો હું કરું જ છું. આપ નવી આગળની સાધના કૃપા કરીને જણાવો.''

''ભલે રાજન્, જો આત્માના સ્વયંપ્રકાશિત સર્વવ્યાપીતાનો અનુભવ આવ્યો હોય તો હવે આ નવી સાધના સમજી લો. મનને ચંદ્ર કહ્યો છે. આપ સૌમ્ય ચંદ્રપ્રકાશને, ચાંદનીને વિશ્વવ્યાપી આત્મા સમજીને તેની સાથે એકરૂપ થવાની સાધના શરૂ કરો. તેથી આત્માનું આનંદતત્ત્વ તમારામાં અનુભવાશે.''

''ભગવન્ તે સાધના પણ હું કરું જ છું. મને આનંદમય બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ રહ્યો જ છે. કૃપા કરીને મને આગળની ઉપાસના જણાવો.''

''હે રાજન, બ્રહ્મતત્ત્વને વિદ્યુત-શક્તિ તરીકે ઝળહળતા પ્રકાશસ્વરૂપે ઉપાસના કરો. સમગ્ર બ્રહ્માંડમાં રહેલી તે બ્રહ્મશક્તિનો તમને સાક્ષાત્કાર થશે.''

''ભગવન્, તેની પણ ઉપાસના હું કરું છું. આપ આગળની ઉપાસના દર્શાવો.''

બાલાકિએ તે પછી આકાશને (નિર્મળ-તેજની) વાયુને (નીલ પ્રકાશની), અગ્નિને (પીળા પ્રકાશની), જળને (હરિત પ્રકાશની), પાર્થિવપુરુષને (રક્ત પ્રકાશની), પ્રાણને

(સિંદૂરિયા પ્રકાશની), દિક્‌ને (અસીમ આકાશની) અને અંતે અચિત્‌ પુરુષસ્વરૂપ છાયા-પુરુષને (કૃષ્ણ પ્રકાશની) બ્રહ્મ તરીકે ઉપાસવાની પદ્ધતિઓ એક પછી એક વર્ણવી. અજાતશત્રુએ પોતે બધી સાધનાઓ કરેલી છે એમ જણાવી કહ્યું.'' બ્રહ્મન્‌, આ બધી ઉપાસનાઓ બ્રહ્મનાં વિવિધ પાસાંઓની સાધના છે અને તેના વિવિધ આવિર્ભાવ સ્વરૂપોની સાધના છે. મને તમે સમગ્ર બ્રહ્મતત્ત્વની એકીસાથે કરવાની સાધના સમજાવો.''

બાલાકિનું અભિમાન ઉતરી ગયું, તે પોતે અજાતશત્રુના શરણે આવ્યો.

''રાજન્‌, તો હવે મને આપ જ આગળનો સાધનામાર્ગ દર્શાવો.''

અજાતશત્રુ વ્યતિરેક ઉપાસના પદ્ધતિ સમજાવે છે. વ્યતિરેક એટલે અપસર્ગ અર્થાત્‌ ભૌતિક જગતનું ક્રમશઃ બ્રહ્મતત્ત્વમાં વિલીન થવાની પ્રક્રિયા. અજાતશત્રુ રોજિંદા વ્યક્તિગત અનુભવ દ્વારા આ વ્યતિરેક માર્ગ સમજાવે છે.

''બ્રહ્મન, જ્યારે આપણે જાગૃત હોઈએ છીએ ત્યારે ત્યારે આ મારી ઈન્દ્રિયો, આ મન, આ પ્રાણ, આ ચિત્ત, આ શરીર એવું વિવિધતાનું આપણને ભાન હોય છે પણ આપણે જાગૃત અવસ્થામાંથી ગાઢનિદ્રામાં જઈએ તેમ તેમ આ બધાં તત્ત્વો વિલીન થતાં જાય છે. અંતે રહે છે ફક્ત એક નરી ચેતના જે આનંદમય હોય છે. તેમ આપણે બધાં જ તત્ત્વોને મૂળ તત્ત્વમાં વિલીન કરતાં કરતાં અંતે જે બાકી રહે છે તે 'તદ્‌' એ જ બ્રહ્મ છે. બ્રહ્મન, સ્વપ્નાવસ્થામાં ભૌતિક ઈન્દ્રિયો અને ભૌતિક શરીર વિલીન થએલાં હોય છે. પણ સૂક્ષ્મ ઈન્દ્રિયો અને સૂક્ષ્મ શરીર જીવન જીવતું હોય છે. સુષુપ્તિ અવસ્થામાં તે સૂક્ષ્મ ઈન્દ્રિયો અને સૂક્ષ્મ શરીર પણ વિલીન થઈ જાય છે. અહંકાર પણ વિલીન થઈ જાય છે. તેથી આપણી ચેતના સાકારતા, વ્યક્તિત્ત્વથી પણ મુક્ત થઈ જાય છે અને સર્વવ્યાપી, નિરાકાર ચેતના બની જાય છે. આ ચેતના પણ વટાવ્યા પછી બ્રહ્મતત્ત્વ પ્રગટ થવા માંડે છે જેનું વર્ણન કરવું શક્ય નથી.

''બ્રહ્મતત્ત્વ ત્યાં હોય છે પણ તે અવ્યક્ત સ્વરૂપે જણાય છે. તેથી તે હ્તા નાડીમાં પુરાઈ ગયું છે એમ કહેવાય છે. હ્તા એટલે સંહિતા. બધાં વ્યક્તિસ્વરૂપો એક જીવ એક રસ બનેલાં હોય છે. તેને સંહિતા કહે છે.''

''રાજન્‌, મને હજી વધારે સમજાવો.''

''બ્રહ્મન્‌, જેમ કરોળિયો પોતાના શરીરમાંથી પોતાનું જાળું રચે તેમ બ્રહ્મતત્ત્વે આ સમગ્ર બ્રહ્માંડ પોતાની ચિત્‌-શક્તિનાં વિવિધ આકારો રચીને જ નિર્માણ કરેલ છે. દેવો પણ તેમનું જ નિર્માણ છે, બ્રહ્મતત્ત્વ દેવતાઈ જગતથી પણ ઊર્ધ્વમાં છે.

''બ્રહ્મન્‌ તેવા તદ્‌-સ્વરૂપ બ્રહ્મતત્ત્વની ઉપાસના કરવી, જે જગતમાંનું બધું પણ છે અને જગતમાંની દરેક વસ્તુથી અતીત પણ છે, તે જ બ્રહ્મઉપાસના સમગ્ર ઉપાસના કહેવાય.''

બાલાકિનો ભ્રમ ભાંગી ગયો હતો.

# વેદવિજ્ઞાન

- માનસિંહ ચાવડા

## વૈદિક સૂકતો

## યમાયન સૂક્ત (ચાલુ)

(પ્રકરણ-૩)

ઋગ્વેદનાં ૧૦માં મંડળના ૧૩૫મા સૂક્તને યમાયન - સૂક્ત કહેલ છે. તેમાં યમરાજા પોતાની જ રૂપાંતરની સાધનાની સમજણ આપી રહ્યાં છે. અહીં યમરાજા એટલે ચૈત્યપુરુષ. ત્રણે શરીરનો રાજા, નિયામક ચૈત્યપુરુષ જ છે, જીવ જ છે તે જણાવે છે કે રૂપાંતર માટે પ્રથમ વૈરાગ્યદ્વારા નિર્લેપ બનીને સાક્ષીભાવે અસીમ નિરાકાર ચેતનાસ્વરૂપ અક્ષરપુરુષ સાથે એકરૂપ થવું જોઈએ (અધિમનસ સાથે) તે અવસ્થામાં તમસ પ્રત્યે અભાવ જાગે છે. પણ જ્યારે તમસ વટાવીને આપણે અતિમનસ ચેતનામાં, પુરુષોત્તમ ચેતનામાં પ્રવેશીએ છીએ ત્યારે તે અભાવ પણ જતો રહે છે. તમસ પણ પ્રચ્છન્ન રીતે પ્રભુનું જ ચકાસણી - અધિકારી જેવું કામ કરે છે, એ સમજાય છે; પણ માનવી મનમાં તો વિવિધ પ્રશ્નો ઊભા થાય જ છે. ચૈત્યપુરુષ કોણે નિર્માણ કર્યો ? તે શા માટે વારંવાર જન્મ લે છે ? આ યમ શા માટે સતત જન્મોજન્મનો યાત્રી છે ? આ યમનાં અયન (યાત્રા)નું રહસ્ય તે જ યમાયન. ચૈત્યપુરુષ જ પોતાના વિકાસ માટે આ શરીરો ધારણ કરી તે શરીરને ચિન્મય, પ્રભુના પ્રકાશથી આલોકિત કરી નાખે છે ત્યારે શરીર એ જાણે બંસીધરની બાંસુરી બની જાય છે. તેના જ સંકલ્પો સડેડાટ વાસ્તવિક બને છે. વૈદિક મંત્રોમાં જણાવેલી અનુભવસિદ્ધ વિવિધ વિભાવનાઓ કરીને શરીરનું રૂપાંતર કરી શકાય છે. આ પાર્શ્વભૂમિમાં યમાયન સૂક્તનો મંત્રાર્થ જોઈએ.

**૧ યસ્મિન્વૃક્ષે સુપલાશે દેવૈઃ સંપિબતે યમઃ।**
**અત્રાં નો વિશ્પતિઃ પિતા પુરાણાં અનુવેનતિ॥**

આ શરીરરૂપી વૃક્ષ ઉપર જાણે શુદ્ધ-ઈન્દ્રિયોરૂપી લીલીછમ સરસ મજાની ડાળીઓ ઊગી નીકળી છે (યસ્મિન્વૃક્ષે સુપલાશે). તે ઈન્દ્રિયોરૂપી ડાળીઓ ઉપર બેસી દેવોરૂપી પક્ષીઓ સાથે ચૈત્યપુરુષ રૂપી યમરાજા (દેવૈઃ યમઃ) ફળોનો મધુર રસ ધરાઈને ચાખી રહ્યો છે (સંપિબતે). પછી અહીં જ આ શરીરમાં રહેતા રહેતા જ (અત્રાં) ચૈત્યપુરુષ પોતાનાં સનાતન પિતાસ્વરૂપ (પુરાણાં પિતા) અક્ષરપુરુષ તરફ એકરૂપતા દ્વારા સમર્પણભાવથી વળે છે (અનુવેનતિ) અર્થાત્ સાધકમાં સાધના કરવાની અભીપ્સા અને ઇચ્છા જાગતાં જ શરીરનો નિયામક ચૈત્યપુરુષ પ્રથમ સાક્ષીભાવ સ્વરૂપ નિર્લેપતા ધારણ કરીને અક્ષરપુરુષ

સાથે એકરૂપતા સિદ્ધ કરે છે. તેથી ચૈત્યપુરુષ પોતે સાક્ષીપુરુષ બની પ્રકૃતિથી અલગ થઈને તેમાં થતી પ્રક્રિયાઓનો સાક્ષી બની જાય છે. આ અવસ્થામાં સાધકને પોતાની ચેતના નિરાકાર, નિર્લેપ, પ્રકાશમય, નિષ્ક્રિય એવી શુદ્ધ સત્તા, અસ્તિત્ત્વ સ્વરૂપ જ અનુભવાય છે અને પોતે પોતાના સમગ્ર વિશ્વનો માલિક છે એવું અનુભવે છે (નો વિશ્પતે).

**૨ પુરાણં અનુવેનંતં ચરંતં પાપયામુચા।**
**અસૂયન્નભ્ય ચાકશં તસ્મા અસ્પૃહ્યં પુનઃ ॥**

તે નિરાકાર, પ્રકાશમય, નિષ્ક્રિય ચેતનાનું આકાશની જેમ ધ્યાન કરતાં કરતાં (પુરાણં અનુવેનંતં) ચૈત્યપુરુષ બધી જ પાપી નબળાઈઓમાંથી મુક્ત થઈ જાય છે (ચરંતં પાપયા મુચા), તેમાં (તસ્મા) પાપોમાંથી મુક્ત થવાની જે તીવ્ર અભીપ્સા હતી તે હવે જતી રહે છે (અસૂયન્નભ્ય ચાકશં). (કારણ તમસ દ્વારા પણ પ્રભુ જ ગુપ્ત રીતે કાર્ય કરી રહ્યાં છે એવો તેનો ભાવ જાગે છે) તેથી ફરી તમસ પ્રત્યેની જુગુપ્સા જાગતી જ નથી (પુનઃ અસ્પૃહ્યઃ). તે સમતા અને નિર્લેપતામાં જ રહે છે.

**૩ યં કુમાર નવં રથં અચક્રં મનસાકૃણોઃ।**
**એકેષમ્ વિશ્વતઃ પ્રાંચમ્ અપશ્યન્ અધિતિષ્ઠસિ ॥**

ઋષિ કહે છે હે વત્સ (કુમાર), આ શરીરરૂપી નવીનતાપૂર્ણ રથ (નવં રથમ્) જે ચક્ર વગરનો પણ ચાલે છે (અચક્રં), મનથી સંચાલિત છે (મનસાકૃણોઃ) પણ ચૈત્યપુરુષ જ એકલો જેનો નિયામક છે (એકેષં) તેવા સમગ્ર વિશ્વભરમાં તેને વિશ્વપુરુષ તરીકે જોયા વગર (અપશ્યન્) કેવી રીતે ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરી શકીશ ? (અધિતિષ્ઠસિ) અર્થાત્ તે અક્ષરપુરુષનાં ધ્યાન દ્વારા જ તું ચેતનાની ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરી શકે છે. અધિમનસ દ્વારા જ અતિમનસમાં પ્રવેશ મળે છે. અક્ષરપુરુષ દ્વારા જ પુરુષોત્તમમાં પ્રવેશ મળે છે.

**૪ યં કુમારં પ્રાવર્તયો રથં વિપ્રેભ્યસ્પરિ।**
**તં સામાનુ પ્રાવર્તત સમિતો નાવ્યા હિતમ્ ॥**

હે કુમાર હે વત્સ (કુમારં), શરીરરૂપી રથને જે બ્રહ્મના જાણકાર બધી તરફથી (વિપ્રેભ્યસ્પરિ) બ્રહ્મભાવ ધારણ કરીને ચલાવે છે તેમ તું પણ સર્વત્ર બ્રહ્મ જ છે એવા સુંદરભાવો ધારણ કરીને (સુમિતો) તેને સર્વમાં સમાનરીતે ફેલાએલો (તં સામાનુ પ્રાવર્તન) અનુભવીને જીવનને અવરોધ વગરનું (ન અવ્યાહિતમ્) જીવતા શીખ.

**૫ કઃ કુમારમજનયત્ રથં કો નિરવર્તયત્।**
**કઃ સ્વિત્તદદ્યા નો બ્રુયાત્ અનુદેયી યથા ભવત્ ॥**

હે કુમાર વત્સ, કોણે રથ નિર્માણ કર્યો (કઃ કુમારમજનયત્ રથમ્), કોણ રથમાંથી

નિવૃત્ત થયું (કો નિરવર્તયન્), કોણ હતું એ (કઃ સ્વિત્); તે હવે મને કહે (તદ્ અધ્નો બ્રુયાત્) તું કેવી રીતે આવિર્ભાવ પામ્યો (યથાભવત્) તેનો જવાબ આપ (અનુદેયી)

૬ **યથાભવદનુદેહી તતો અગ્રમજાયત।**
**પુરસ્તાબુદન્ધ આતતઃ પશ્ચાન્નિરયણં કૃતમ્॥**

હે વત્સ, પ્રથમ વખત તે શરીર કેવી રીતે ધારણ કર્યું (તતો અગ્રમજાયત) અને તે પછી ફરી ફરી વાર જન્મ લીધો (યથાભવદ્ અનુદેહી) પહેલાનાં જાણકાર લોકોએ (પુરસ્તા બુદન્ધ) આ કૂટપ્રશ્નોને વિસ્તારથી ચર્ચ્યો છે (આતતઃ) અને પાછળના લોકોએ (પશ્ચાત્) તેનું નિરાકરણ પણ (નિરયણં - કૃતમ્) કરેલ છે.

૭ **ઈદં યમસ્ય સાદનં દેવમાનં યદુચ્યતે।**
**ઈયમસ્ય ધમ્યતે નાળીર્ અયં ગીર્ભિઃ પરિષ્કૃતઃ॥**

(તે નિર્ણય નીચે મુજબનો છે) ચૈત્યપુરુષરૂપી શરીરના નિયામકનું આ શરીર રહેઠાણ છે (ઇદં યમસ્ય સાદનં) જે કાલાંતરે ઉત્ક્રાંત થઈ દિવ્ય બનશે એમ કહેવાય છે (દેવમાનં યદુચ્યતે) આ શરીર તો ચૈત્યપુરુષની મધુર રાગ રેલાવતી બંસી છે (ઇદમસ્ય ધમ્યતે નાળીર) કારણ તેની દ્વારા જ પ્રભુનાં સંકલ્પો જગમાં રેલાય છે અને તે બાંસરીને સત્યદર્શક વૈદિક ઋચાઓની, વિભાવનાઓથી સુસંસ્કૃત અને શુદ્ધ કરેલી છે (અયં ગીર્ભિઃ પરિષ્કૃતઃ)

(અર્થાત્ પરમ-પ્રભુના સંકલ્પાનુસાર પોતે પ્રગટ થવા ચૈત્યપુરુષરૂપી યમરાજાએ શરીર નિર્માણ કરેલ છે. પોતે વિકાસ પામવા જ વારંવાર જન્મ લે છે. વેદદર્શિત ચિન્મય અવસ્થા પ્રાપ્ત કરવા જ અને તે દ્વારા પ્રભુને પૂર્ણ રીતે પ્રગટ કરવા જ આ શરીરને વૈદિક દેવયાન પંથની પ્રકાશની આરાધનામાંથી પરિષ્કૃત કરવામાં આવે છે.)

---

(પૃ.૬ ઉપરથી) **દૈનિક જીવનમાં યોગસાધના**

આપણને જે જે વસ્તુઓ મળી છે, તે દ્વારા આપણે પરમાત્માના આ જગતને સુંદર અને સંવાદી બનાવવાનું છે.

આ રીતે જ્યારે આપણે કર્મને યોગસાધનાના ભાગરૂપે લઈએ છીએ, ત્યારે અંદરની અને બહારની અનેક મુશ્કેલીઓનો સામનો અવશ્ય કરવો પડે છે. પણ મુશ્કેલીઓ પ્રગતિનાં સોપાન બની જાય છે. પ્રતિકૂળતાઓ પ્રગતિમાં પલટાઈ જાય છે. એ માટે જરૂરી છે દૃઢ સંકલ્પ, પરમાત્મા પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને અર્પણની ભાવના, તો પછી વરસોની આકરી તપશ્ચર્યાથી પણ મળવું દુર્લભ એવું પ્રભુનું સાંનિધ્ય કર્મદ્વારા આપણે મેળવી શકીએ છીએ.

# સર્વાંગી - આરોગ્ય

- શ્રી અરવિન્દ, શ્રી માતાજી

**અવતરણો** (Integral Healing પૃ.૨૩-૨૯)

1 Certain regions which offer..... stronger resistance than others to the action of the Yogic force..... are those parts that belong to the most material layers of the being. P.23

2 Each spot of the body is symbolical of an inner movement; there is a world of subtle correspondences..... The particular place in the body affected by an illness is an index of the nature of the inner disharmony that has taken place. P.24

3 Open that part and put the force and the light there.... illness would immediately go. P.24

4 In reality, illness is only a disequilibrium. P.24

5 Vibrations of harmony attract and encourage harmonious events.... (and visa versa). This may be collective or individual. P.25

6 If you get to the centre (of discorder) all the rest will be..... restored to order. P.26

7 ..... to the equilibrium of the body, you must add the equilibrium of the vital and the mind.... you must have triple equilibrium... mental, vital, physical. P.27

8 ..... there are two kinds of disequilibrium: functional and organic..... If an organ by itself is in disequilibrium, it is an organic disequilibrium..... there is a lack of (inter) balance in the functioning (of different organs) Then..... functional imbalance, not organic imbalance. P.27

9 ..... illness due to functional imbalalce are cured much more quickly..... The others are a little more serious. P.27

10 How to reconcile the people (parts) within you ? P.29

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# રોગોનું કારણ અને નિવારણ

પ્રકરણ - ૩

પરમ-ચેતના અતિ-સૂક્ષ્મ છે. તેમાંથી જ તેના જ સંકલ્પને કારણે તેની જ વધુ ને વધુ સ્થૂળ અવસ્થાઓ રચાઈ. દરેક તબક્કાની આવી અવસ્થાને એક સ્વતંત્ર તત્ત્વ ગણવામાં આવ્યું. આ રીતે સ્થૂળ-તત્ત્વમાં જે કાંઈ થાય છે તેનું મૂળ તેના આંતરિક પ્રદેશમાં હોએલી ચેતનામાં થતી પ્રક્રિયાને આભારી છે. સારાંશ સ્થૂળ તત્ત્વમાં થતાં ફેરફારો આંતરિક-ચેતનાને કારણે નિર્માણ થતાં હોય છે. (જેમ ભૂકંપ લાવ્હારસની ગતિવિધિથી)

તેથી આંતરિક ચેતનામાંનો વિક્ષોભ બાહ્ય ભૌતિક તત્ત્વમાં વિસંવાદ, તાણ, રોગ, વિકૃતિ તરીકે પ્રગટ થાય છે. જો આંતરિક ક્ષોભને શમાવી દેવામાં આવે, તેનું મૂળ કારણ નિવારી દેવામાં આવે તો બાહ્ય પરિણામો પોતાની મેળે ધીમેધીમે નાશ પામશે. માતાજી કહે છે : આરોગ્ય પ્રાપ્ત કરવું હોય તો આ કુદરતનું રહસ્ય સમજી લેવું જરૂરી છે.

આના ઉપરથી બીજું એક તારણ નીકળે છે કે બહારથી અર્થાત્ સ્થૂળ તત્ત્વોના છેડેથી આંતરિક સંવાદિતા સ્થાપવાનો પ્રયત્ન યોગિક પ્રક્રિયાઓ અને બળોની મદદથી કરીએ તો આંતરિક તત્ત્વો જે વિસંવાદમાં હશે તે તો વિરોધ કરશે, પણ તેને કારણે જે બાહ્ય શારીરિક તત્ત્વો રોગ, વિકારનાં શિકાર થઈ ગયાં છે તેઓની ગ્રહણશીલતા પણ આ વિકારોને લીધે ઘટી ગઈ હોવાથી તેઓ જ વધારે અવરોધક, જડ અને સંવેદનવિહીન, મૂઢ બની રહેશે.

યોગિક બળો એટલે એકાગ્રતા કરી તે એકાગ્રતાથી કોઈ તત્ત્વને હકારાત્મક સંકલ્પથી આંતરિક વિસંવાદને મારી હઠાવી તેને પ્રકાશ ધારણ કરતું કરીને સંવાદમયતા સ્થાપવાનું તીવ્ર સૂચન કરીને ભાર મૂકવો. આવા યોગિક - બળોને ઉપરનાં કારણે સ્થૂળ તત્ત્વોના વિરોધનો સામનો કરવો પડે છે.

આંતરિક તત્ત્વો અને બાહ્યતત્ત્વો વચ્ચે કાર્યકારણભાવ હોવાથી બહારનાં રોગો, વિકારો, આંતરિક ગડબડને સૂચવતાં હોય છે એ નિશ્ચિત છે. આનો અર્થ સ્પષ્ટ છે કે રોગ એ એક પ્રકારનું શરીરના ભાગો વચ્ચેનાં સંતુલનમાં થતો અવરોધમાત્ર છે. આવા અસંતુલનને શોધી કાઢવાની નિશ્ચિત પદ્ધતિ છે. જે ભાગમાં રોગ, વિકાર જણાતો હોય તે ભાગ ઉપર એકાગ્રતા અને ચેતનાના પ્રકાશને કેન્દ્રિત કરતાં તે ભાગ ખુલે છે. ખુલે છે એટલે તે તે પ્રકાશને ધારણ કરવાની શરૂઆત કરે છે. આ તેના ખુલવાથી આપણી

ચેતનાનો પ્રકાશ બાહ્ય ભાગોની અંદર રહેલા આંતરિક તત્ત્વો ઉપર પણ પરિણામ કરવા માંડે છે. આમ આ ખુલવાની પ્રક્રિયા વધારે ને વધારે ઊંડે સુધી જવા માંડે છે અને અંતે તે આપણને તે ભાગ પાસે પહોંચાડે છે જે અસંતુલિત બની ગયો હોય. તે તત્ત્વ ઉપર એકાગ્રતા અને પ્રકાશ કેન્દ્રિત થતા તેમાં શક્તિ અને ચેતનાનો સંચાર થવા માંડે છે અને તે ચેતના અને શક્તિ જ તેના અસંતુલનને હટાવી સંતુલિત કરી દે છે. તેથી તેમાંથી નીકળતા વિસંવાદનાં આંદોલનો બંધ થઈ સંવાદમય આંદોલનો નીકળવાં માંડે છે. આ આંદોલનોને કારણે તે ભાગમાં આરામ, છુટકારો, સુખ, રાહતના ભાવો જાગવા માંડે છે તેનો પરિણામ તેમનાથી વધારે સ્થૂળ તત્ત્વો ઉપર થઈને તેઓ પણ તે આંદોલનોમાં જોડાય છે અને તેમનાથી વધારે સ્થૂળ તત્ત્વોને પણ તેમાં જોડાવા તૈયાર કરે છે. આ રીતે અંતે શારીરિક કોષો અને શારીરિક તત્ત્વ પણ જોડાઈ જાય છે. વિસંવાદી આંદોલનોને કારણે નિર્માણ થએલા રોગ અને વિકારને તે મટાડી દે છે.

પાર્થિવતત્ત્વથી સૂક્ષ્મ પ્રાણ છે. પ્રાણથી સૂક્ષ્મ મન છે. મનથી સૂક્ષ્મ ચૈત્યતત્ત્વ છે. આ બધાં જુદાં જુદાં તત્ત્વો નથી, પણ એક જ ચેતનાના વિવિધ સ્તરોમાત્ર છે, જેમના વિશિષ્ટ ગુણધર્મો છે. તેથી પાર્થિવતત્ત્વ, પ્રાણ અને મન ત્રણેને સંવાદમય આંદોલનોમાં જોડી તેમની વચ્ચે સંતુલન કેળવવાનું હોય છે.

વિસંવાદ બે પ્રકારનો હોય છે - ઈન્દ્રિયગત આંતરિક વિસંવાદ અને વિવિધ તત્ત્વો વચ્ચે નિર્માણ થતો કાર્ય બાબતનો વિસંવાદ. એકને Organic (ઇન્દ્રિયગત) અને બીજાને Functional અર્થાત્ કાર્યગત વિસંવાદ કહે છે. તેમાં બીજો વિસંવાદ નિવારવો સહેલો છે. પહેલો વિસંવાદ હઠાવવો થોડો કપરો હોય છે.

આ બધાને સંવાદમાં કેમ ગોઠવવા એ જ આપણો મૂળભૂત પ્રશ્ન ને સમસ્યા છે. (ક્રમશઃ)

---

(પૃ.૧૩ ઉપરથી)

## ગીતાનિબંધો

પણ એક પાસાનું જ જ્ઞાન છે. પણ આ બન્નેને ધારણ કરનાર પુરુષોત્તમ - ચેતનાનો અનુભવ લેનાર તો ગૂઢતમ જ્ઞાનનો ધારક ગણાય, તેથી શ્રીકૃષ્ણ આને 'ગૂઢતમં શાસ્ત્રમ્' જણાવે છે.

અર્જુન જો આ ગૂઢતમ વાસ્તવિકતા બુદ્ધિથી સમજી લે (બુદ્ધિમાનસ્યાત્ - ૧૫/૨૦) તો તે મુજબ યુદ્ધ કરીને જીવનને સાર્થક (કૃતકૃત્યસ્ય - ૧૫/૨૦) બનાવી શકશે. એ શ્રીકૃષ્ણનું આશ્વાસન છે, જે ફક્ત અર્જુન માટે જ નથી પણ આપણા બધાં માટે છે.

# શ્રી અરવિન્દ પુદુચેરી આગમન શતાબ્દી

## ગ્રહણશીલ બનવું

- હર્ષદ ઠકરાર

આપણે સૌ શ્રી અરવિન્દ પુદુચેરી આગમન શતાબ્દી ઉજવી રહ્યા છીએ. આ શતાબ્દીની ઉજવણી અર્થે આપણને શ્રી માતાજીએ જુદા જુદા સમયે આપેલ સંદેશાઓ પથદર્શક બને છે. આ સંદેશાઓ સાધક તેની વાણી, વર્તન અને વિચાર દ્વારા અભિવ્યક્ત કરે તો તે શ્રી અરવિન્દના પૂર્ણયોગને જીવનમાં ઉતારવવા માટે સમર્થ બને છે, જેના દ્વારા સાધક શ્રી અરવિન્દના યોગને જીવનમાં ઉતારવવા માટે યોગ્યતા પ્રાપ્ત કરે છે.

શ્રી અરવિન્દ પરમ પ્રભુના આદેશાનુસાર ૪ એપ્રિલ ૧૯૧૦ના રોજ પોંડિચેરી પૂર્ણયોગની સાધના અર્થે આવ્યા છે. અહીં શ્રી અરવિન્દે શ્રી માતાજીના સહયોગ સાથે અતિમનસ ચેતનાના અવતરણની એટલે કે પૂર્ણયોગની સાધના કરી છે.

પૂર્ણયોગની સાધના એટલે માનવની પાર્થિવ, પ્રાણમય અને મનોમય ચેતનાનું પરમ પ્રભુની દિવ્ય ચેતનામાં રૂપાંતર. શ્રી અરવિન્દ અને શ્રી માતાજી બન્ને અતિમનસ ચેતનામાં જીવન વ્યતીત કરતા હતાં, પરંતુ એટલાથી એમને સંતોષ ન હતો. એમણે બન્નેએ કઠોર તપ દ્વારા, અતિમનસ ચેતનામાં પૃથ્વી જીવન જીવે તે સિદ્ધ કરવું હતું, જે ૨૯ ફેબ્રુઆરી ૧૯૫૬ના રોજ સિદ્ધ થાય છે.

શ્રી માતાજીએ જણાવ્યું છે તે મુજબ પૃથ્વીની ચેતનામાં અતિમનસ ચેતનાના અવતરણની અનુભૂતિ જગતમાં ફક્ત પાંચ જ વ્યક્તિઓને થયેલ હતી. આ અપૂર્વ અને અદ્‌ભુત ઘટનાની અનુભૂતિ ફક્ત પાંચ જ વ્યક્તિને થઈ અને અન્ય કોઈને શા માટે ન થઈ? તે પ્રશ્નનો પ્રત્ત્યુતર આપણને શ્રી માતાજીએ આપેલ સંદેશામાંથી પ્રાપ્ત થાય છે :

"The Consciousness that has to be manifested is already in the earth atmosphere. It is now only a question of receptivity. " - The Mother

'' જે ચેતનાનો આવિર્ભાવ કરવાનો છે એ પૃથ્વીના વાતાવરણમાં આવી ગયેલી જ છે. હવે માત્ર ગ્રહણશીલતાનો પ્રશ્ન છે.'' - શ્રી માતાજી

અતિમનસના આવિર્ભાવની અનુભૂતિ પાંચ સિવાયની અન્ય વ્યક્તિને નથી થઈ તેનું કારણ સાધકોની અંદર ગ્રહણશીલતાનો ગુણ અવિકસિત હતો તે સ્પષ્ટ જણાય છે.

ગ્રહણશીલતાનો ગુણ વિકસાવવા માટે સાધકે ખુલ્લા થવું પડે છે. જે રીતે સૂર્યનો

પ્રકાશ મેળવવા માટે, તાજી હવા મેળવવા માટે આપણે આપણા ઘરનાં બારી, દરવાજા ખુલ્લાં કરીએ છીએ, તે રીતે આપણે આપણી જાતને પ્રભુ પ્રત્યે ખુલ્લી કરવાની થાય છે.

શ્રી માતાજીએ જણાવ્યું છે તે મુજબ ખુલ્લાપણું એટલે માનવની પાર્થિવ, પ્રાણમય અને મનોમય ચેતનામાંથી મુક્તિ. આ મુક્તિ ત્યારે જ શક્ય બને છે જ્યારે સાધક પોતાના અહંકારને દૂર કરી ત્યાં પ્રભુની શક્તિ દ્વારા ચૈત્ય પુરુષની સ્થાપના કરે.

ચૈત્યપુરુષની સ્થાપના ત્યારે જ શક્ય બને છે જ્યારે સાધક પ્રભુની શક્તિ ગ્રહણ કરવા સામર્થ્ય પ્રાપ્ત કરે છે. આ સામર્થ્ય પ્રાપ્તિ અર્થે સાધકે સૌ પ્રથમ તો પોતાની જાતને પ્રભુને અર્પણ કરવાની પ્રબળ ઝંખના કરવી પડે છે. આ પ્રબળ ઝંખના એટલે માનવ એમ અનુભવે છે કે પોતાની પાસે જે છે, પોતે જે છે અને પોતે જે કાંઈ કરે છે તે પ્રભુના કાર્ય માટે અર્પણ કરવાનો આનંદ અને તમન્ના, ઝંખના.

અર્પણની ઝંખનાથી વ્યક્તિને અનુભૂતિ થાય છે કે પોતે વ્યક્તિ નથી પરંતુ સમષ્ટિનો એક અંશ છે.

અર્પણ દ્વારા ગ્રહણશીલ બનેલો સાધક જે રીતે પ્રકાશ દ્વારા હજારો વર્ષના અંધકારમાંથી મુક્ત થાય છે, તે રીતે અચિત્‌માં સમાવિષ્ટ ચૈતન્યને મુક્ત કરી ચેતનાને તેના મૂળ સ્વરૂપે અનુભવે છે. સાધક સચેત બન્યો હોવાથી પ્રભુની સેવા સત્યનિષ્ઠાપૂર્વક કરે છે. આથી સાધક પ્રત્યેક કાર્યનું સંચાલન પાર્થિવ, પ્રાણમય કે મનોમય ચેતના દ્વારા નહીં, પરંતુ દિવ્ય ચેતનાની પ્રેરણા દ્વારા સંચાલિત થઈને કરે છે, જેથી સાધક પ્રભુ દ્વારા અને પ્રભુ માટે જીવન વ્યતીત કરે છે.

પ્રભુ દ્વારા કાર્ય કરવું એટલે સાધકમાં રહેલ તમામ અશુદ્ધિનું વિશુદ્ધિમાં રૂપાંતર. વિશુદ્ધિ એટલે સાધક એમ અનુભવે છે કે પોતે કશું કરતો નથી. સાચી વિશુદ્ધિ એટલે પ્રભુ જે રીતે વિચારે છે તે રીતે વિચારવું, પ્રભુ જે સંકલ્પ કરે છે તે રીતે સંકલ્પ કરવો, અને પ્રભુ જે રીતે અનુભવ કરે છે તે રીતે જ અનુભવવું.

ગ્રહણશીલ બનવાથી સાધક નિમ્ન તત્ત્વોથી ઉચ્ચ ચેતના સુધી સર્વમાં આનંદ અનુભવે છે.

આવો આપણે સૌ ગ્રહણશીલ બની આ શતાબ્દીની ઉજવણી કરીએ.

॥ ૐ શાંતિ શાંતિ શાંતિ ॥



**શ્રી અરવિન્દ**

પૂર્ણયોગ પ્રવર્તક :, અધ્યાત્મ - વિદ્યા - ઉદ્ધારકઃ ।
રૂપાંતર ક્રિયા ઉદ્બોધકઃ, અતિમનસ - ધારકઃ ॥



## પરશુરામ - અવતાર

પરશુ યાને કઠોરતા, ચૈત્યનો ઉગ્ર પ્રહાર,
પ્રકૃતિ તેની માત ગણી, માતૃ-વધની ન દરકાર.

પ્રભુઇચ્છાને આધિન થાય એ પિતૃ-આજ્ઞાનો સાર,
મન, પ્રાણ, તનને નાથવા, ખેલે યુદ્ધ અપાર.

અવચેતન સહસ્રરૂપ લે, સહસ્રાર્જુન કહેવાય,
તેને પણ અંતે નાથતો, મહિમા ચૈત્યનો ગણાય.

(પ્રકૃતિની મદદથી આવિર્ભાવ પામતો ચૈત્યપુરુષ પ્રભુની આંતર પ્રેરણાથી પ્રકૃતિને નાથે છે, એ જ પિતા જમદગ્નિના આદેશથી મા રેણુકાના વધની કથાનું રહસ્ય છે, રેણુકા એટલે અણુ - રેણુથી બનેલું પાર્થિવતત્ત્વ. જમદગ્નિ એટલે આંતર - પ્રેરણાનો ઉગ્ર ઘસારો.)


**સહજ-સત્સંગ**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ, રાજકોટ - ૫

**લવાજમ : વાર્ષિક માતૃચરણે અર્પણ : રૂા. ૧૨૫.૦૦ વિદેશમાં ૮૦૦.૦૦**

Registered with the registrar of Newspaper for INDIA

No. 07598/22 A.K. 9-T.C. Regd. No. GRJ-303 Valid upto Dec.-2011

DATE OF POSTING : 1st OF EVERY MONTH